અંક: ૦૩. માર્ચ, ૨૦૧૮



પ્રથમ હપ્તો

# ખજાનો

ગમ્મત સાથે જ્ઞાન પીરસતું મેગેઝીન



હૉલિવડની સર્વશ્રેષ્ઠ
ફિલ્મોની સફર
સીન: ૩



રોજબરોજની
ચીજોની અવનવી
માહિતી
ભાગ: ૦૨



'ટ્રેઝર હન્ટ'માં
આજે વાંચો
કવિતા: તારામાં



## ભાઈબંધી

ભારતીય નૌકાદળની પેન્શન ભોગવી રહેલી
સુપર સ્ટાર સબમરીનો





ધરતીની અજાયબી

## લદાખ

# ખજાનો

ગમ્મત સાથે જ્ઞાન પીરસતું મેગેઝીન

ખજાનો મેગેઝીન

મેનેજિંગ ડિરેક્ટર: જયદીપ ગોસ્વામી

એડિટર્સ: પરમ દેસાઈ, પ્રતીક ગોસ્વામી

લે-આઉટ્સ અને ડિઝાઇન: પ્રતીક ગોસ્વામી

ડિજિટલ રાઇટ્સ:

www.joblessyuva.com

ગમ્મત ગુલાલ-Gammat gulal

Jobless Yuva

All rights reserved to www.joblessyuva.com

ફ્રી આવૃત્તિ

## તંત્રીની કલમે...

તારીખ: ૨૦ જાન્યુઆરી, ૨૦૧૮. વાર: આપણાં શનિદેવનો !

આદિપુરથી કોલેજ પતાવી હું ભુજ-મારા ઘરે પાછો ફરી રહ્યો હતો. આશરે સવા ચાર થયા હશે. સાંજે પૂરા પાંચે વેબસાઈટ પર 'ખજાનો' રિલીઝ કરવાનો હતો. થોડુંક કામ બાકી હતું જેને ઘરે પહોંચીને ઝડપથી કેમ પૂરું કરવું એની યોજનાઓ મગજમાં ચાલી રહી હતી. રોજિંદા સમય પ્રમાણે જ હું જઈ રહ્યો હતો છતાં, 'હજુ ઘરેથી ફોન કેમ ન આવ્યો ?' મગજે વિચાર્યું અને તરત જ હાથ ખિસ્સા તરફ વળ્યા. બંને તરફનાં ખિસ્સા ફંફોસાયા પછી, ધબકારાઓ બીજા ગિયરમાં આવી દોડવા લાગ્યા પછી બેગ ચેક થયો અને અંતે બ્રહ્મજ્ઞાન લાધ્યું કે, સાલ્લું કોઈક કળા કરી ગયું.

ફોન ગૂમ થઈ જવું કંઈ મોટી વાત નથી. દુનિયા આખી ખોવે છે, આપણે વળી કઈ બલા ! પણ ના, અહીં વાત આખી અલગ હતી. એ ફોનમાં મેગેઝીનની બધી જ ફાઇલ પડી હતી, સાથે સાથે અનેક અધૂરી લખાયેલી પડેલી વાર્તાઓ અને લેખો પણ ખરાં ! (એક સિક્રેટ કહું, ભલે માનવામાં ન આવે, તો પણ કહી જ દઉં. 'ખજાનો'નો આશરે 90 % કામ આ ટચૂકડાં, પણ સ્માર્ટ મોબાઈલ ફોનમાં થાય છે. અરે સાચ્ચે !) સાથે સાથે બીજી અનેક જરૂરી ચીજવસ્તુઓ પણ ખરી ! મેમરીઝ, યુ નો !

ખેર, વાચકોને મન એ ફાઇલ્સ જરૂરી હતી અને ટીમને મન, મોબાઈલ ! પણ બદનસીબે મેં એ બંને ગુમાવ્યાં. એક આખા મહિનાની તપસ્યા, રોજના આઠ કલાક વેચીને મહામહેનતે સર્જેલો અંક એક જ ઝાટકામાં ઉડી ગયો.

એક તો ઓલરેડી અમે મોડાં હતાં, ઉપરથી ફોન બાબતે અભિપ્રાય મળ્યો કે 'તમારા નસીબ. મળે તો મળે, બાકી...' વાક્ય અને અરમાનો બંને અધૂરાં રહી ગયાં. હવે શું કરવું ? પરમને જાણ કરવી કે કેમ ? હા, કરવી તો પડશે, પણ કઈ રીતે ? એને, ટીમને કેવું લાગશે ? હજી તો નવુનોરું સાહસ હતું, એટલે દરેકેદરેક સભ્ય રિલીઝ થવાની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો હોય એમાં નવાઈ નહીં ! હવે એ બધાને શું કહેવું ?

'જોયું જશે.' વિચારીને ઉદયને ઘરના ફોન પરથી ફોન જોડ્યો. પરમના નંબર હતા નહીં એટલે મારી સંકટ સમયની એ સાંકળ (મેલ સાંકળ) કામ આવી. થોડી જ વારમાં એનો પાછો ફોન આવ્યો અને એણે પરમનો જે પ્રતિભાવ સંભળાવ્યો એ ધાર્યા બહારનો હતો. પરમે સહાનુભૂતિ સાથે અડધું કામ વહેંચી લેવાની તૈયારી બતાવી. પચાસ કિલો બોજો ઉપાડીને, ભરઉનાળે ધોમધખતા તાપમાં કલાકો સુધી સતત ચાલી, સાવ લોથ થઈ ટાંટિયાના સ્ટીમ ઢોકળાં બનાવી, ગળામાં રહેલું પાણીનું એક-એક ટીપું શોષાવા દીધા પછી ક્યાંક મીઠી વીરડી મળી જાય તો કેવું લાગે ? સેમ. અહીં પણ એવું જ ફિલ થયું. પરમના એ એક કૉલે જાણે હળવોફૂલ કરી દીધો.

જોકે, હજી ટીમ મેમ્બર્સના પ્રતિભાવોની ખબર નહોતી. તૈયાર તો હતો જ, છતાં ધાર્યું હતું એવું કશું ન બન્યું. ઊલટું, મારી ટીમનો એક-એક મેમ્બર પડખે ઉભો રહ્યો. 'અ ફ્રેન્ડ ઇન નીડ, ઇઝ આ ફ્રેન્ડ ઇન્ડિડ'વાળી પેલી જાણીતી કહેવતને જરા જુદી રીતે આલેખવાનું મન થયું. 'આ ટીમ ઇન નીડ, ઇઝ આ ટીમ ઇન્ડિડ.' સંબંધ બધાં વચ્ચે દોસ્તીનો જ, છતાં દોસ્ત ન કહી શકું. કારણ કે, લેખનનાં ક્ષેત્રે એમાંનાં ઘણાંખરાં મારા સિનિયર્સ કહેવાય.

બસ, આગળ શું જોઈએ ! સાથીઓનો નૈતિક ટેકો મળ્યો. પરિવારજનોની હૂંફ મળી, અને અમુક ખાસ લોકોનો ભરપૂર પ્રેમ મળ્યો એટલે 'બંદા ફિર સે પહેલવાન !' બે જ દિવસમાં નવો ફોન આવી ગયો અને મહિનાનું કામ માત્ર આઠ દિવસમાં થઈ, 'ખજાનો'ના ફેબ્રુઆરી અંક સ્વરૂપે સામે આવ્યું. બાકીની કસર આપ સૌએ પૂરી કરી દીધી, પ્રથમ અંકથીય વધુ ઉષ્માસભર રીતે બીજા અંકને વધાવીને, ફેલાવીને.

આ બધું થયું, કોના પ્રતાપે ? મારી મહેનત ? ના. ખરેખર ના. આ બધાનો શ્રેય જાય છે એ ટીમને કે જેને મેળવીને અમે પોતાને ધન્ય માનીએ છીએ. એ સાથી સંપાદકને કે જેણે અત્યાર સુધીના બધા જ નિર્ણયોમાં બરાબરનો સાથ આપ્યો છે. અને હા, એ વાચક મિત્રોને તો ખરું જ કે જેમણે પોતાના પ્રતિભાવો થકી અમારું મનોબળ ઓર મજબૂત કર્યું છે.

ખરેખર, એ દિવસે અહેસાસ થયો કે, જો તમારાં સ્વજનો-સાથીદારો તમારી સાથે હોય, તો દુનિયા જીતવામાંય બંદા પાછા ન પડે. 'ખજાનો'નાં સેંકડો વાચકોનો આ ઝડપથી વિકસી રહેલો પરિવાર 'ટીમ ખજાનો'ની તાકાત છે. આ તાકાત ઉત્તરોત્તર વધતી રહે અને અમને મજબૂત બનાવી, હર પળ કશુંક નવું કરવા પ્રેરતી રહે એવી પરમ કૃપાળુ ઈશ્વર પાસે અભ્યર્થના સહ, આવજો !

-પ્રતીક. ડી. ગોસ્વામી,

સંપાદકો: પરમ દેસાઈ, પ્રતીક. ડી. ગોસ્વામી.

# ખાસ નોંધ:

વાચક મિત્રો, આપનાં અઢળક પ્રેમને લીધે 'ખજાનો' ખૂબ ઝડપથી સફળતાનાં શિખરો સર કરી રહ્યું છે. યુવા વાચકોની અનુકૂળતાને ધ્યાને લઈને અમોએ મેગેઝીનને મોડીફાઈ કર્યું છે. હવે 'ખજાનો' દર પંદર દિવસે રજૂ થશે. બે ભાગમાં મેગેઝીન લોડ કરવાનો હેતુ એટલો કે, વેબસાઈટ પર તેને પ્લે થવામાં સમય ઓછો લાગે અને ક્વોલિટી વધે. આશા છે આપ આ સાહસમાં સાથે રહીને તેને વધાવી લેશો. અત્યારે પ્રથમ ભાગ વાંચો. અને હા, સોળ તારીખે આવતો બીજો ભાગ લૂંટવામાં શરમ ન કરજો, હોં ને ! ચાલો ત્યારે, બધાને હેપ્પી હોલી. આ હોલિકાદહન આપની અંદરની બધી બુરાઈઓને જલાવી સૌને ખુશીઓથી ભરપૂર જિંદગી બક્ષે એવી ઘણી ઘણી પ્રાર્થના.

‘ટીમ ખજાનો’.

‘ખજાનો’ને બિરદાવતા
વાચક-લેખક મિત્ર
મનોજ પટેલના શબ્દો.
"ખજાનો" આવ્યો.
લૂંટ્યો ભાઈ, લૂંટી નાખો.
લૂંટાવા આવ્યો.

# અનુક્રમણિકા


ટ્રેઝર હન્ટ
પેજ નંબર: ૪૨

નૌકાદળની રિટાયર્ડ સબમરીનો વિશે 'ચાય પે ચર્ચા'
પેજ નંબર: ૦૬







સાયન્સ ટૉકમાં આજે, રોજિંદી ચીજો વિશે અવનવું !
પેજ નંબર: ૧૩





લદ્દાખ ચાલવું છે ? તો જલ્દી પકડો રખડપટ્ટી એક્સપ્રેસ
પેજ નંબર: ૧૯





મૂવી ગૉસિપમાં ચાલો, બેનમૂન મૂવીઝની સફરે !
પેજ નંબર: ૨૬

લહેરખીમાં વાંચો, વાર્તા: ભાઈબંધી
પેજ નંબર: ૩૫





ખજાનો

અંક: ૦૩, પ્રથમ હપ્તો. માર્ચ,૨૦૧૮

# નોલેજ સ્ટેશન



પરમ. બી. દેસાઈ




## ભારતીય નૌકાદળની પેન્શન પર ઉતરેલી સુપરસ્ટાર સબમરીનો

**બ્રિફિંગ**

ભારતની કેટલીક ભૂતપૂર્વ સબમરીનો જે અત્યારે ઈતિહાસ બની ચૂકી છે, તેમનો ટૂંકો ઈતિહાસ જાણવો સૌને ગમે. હાલ તેઓ સેવાનિવૃત્ત થઈ ચૂકી છે અથવા નિષ્ક્રિય છે. ભૂતકાળમાં દેશ ખાતર અનેક સિક્રેટ ઓપરેશનો અને ક્લાસિફાઈડ મિશનો પાર પાડી ચૂકેલી આપણી સબમરીન્સ વિશે ‘નોલેજ સ્ટેશન’ અંતર્ગત આજે જાણો.


© JOBLESS YUVA

કોઈ પણ દેશના નૌકાદળનું સૌથી અગત્યનું કોઈ પાસું હોય તો એ સબમરીન છે. દિવસનો અજવાસ હોય કે રાત્રિનો અંધકાર, શિયાળાની કડકડતી ઠંડી હોય કે તાપ ઓકતો ઊનાળો હોય, ગમે તેટલું વિકટ વાતાવરણ હોય, સબમરીનને લગીરે નડતું નથી. ગુમનામ અને છૂપા સાયાની જેમ એ દુશ્મન સુધી લપાતી છૂપાતી પહોંચે અને દુશ્મનને એની ગંધ આવતાં સુધીમાં તો કામ પૂરું ! સબમરીનના વછૂટેલા 'ટોરપીડો'એ દુશ્મનના દાંત ખાટા કરી નાંખ્યા હોય. નૌકાદળનાં તમામ શસ્ત્રોના મુકાબલે કદાચ એટલે જ સબમરીનનું સ્થાન ઊંચેરું છે.




આજે આપણે ભારતની કેટલીક સબમરીનો વિશે ગોષ્ઠી માંડીશું કે જે અત્યારે ઈતિહાસ બની ચૂકી છે. તેઓ સેવાનિવૃત્ત થઈ ચૂકી છે અથવા નિષ્ક્રિય છે. ભૂતકાળમાં દેશ ખાતર અનેક સિક્રેટ ઓપરેશનો અને ક્લાસિફાઈડ મિશનો પાર પાડી ચૂકેલી આપણી સબમરીન્સ વિશે 'નોલેજ સ્ટેશન' અંતર્ગત આજે જાણીએ.

મથાળામાં 'ભારતની' શબ્દ લખ્યો એટલે જરૂરી નહિ કે સબમરીનો 'મેઈડ ઇન ઈન્ડિયા' હશે. લગભગ બધી ખરીદેલી છે, પરંતુ ભારત માટે કામ કરતી હતી એટલે એક જાતનો ઋણાનુબંધ બંધાય એ સ્વાભાવિક છે.

### (૧) INS કલ્વરી (S-23):

આ આઈ.એન.એસ. કલ્વરીને રખે હાલમાં મૂકાયેલી કલ્વરી સમજી લેતા. તાજેતરમાં જ ૧૪ ડીસેમ્બર, ૨૦૧૭ ના રોજ વડાપ્રધાન શ્રીના હસ્તે જેનું ઉદ્‌ઘાટન થયું અને ઇન્ડિયન નેવીમાં સામેલ કરવામાં આવી એનું નામ બેશક કલ્વરી છે, પરંતુ તે જુદા ક્લાસની છે. તે 'સ્કોર્પિયન' ક્લાસની સબમરીન છે, જ્યારે આજથી ૫૦ વર્ષ પહેલાં ઇન્ડિયન નેવીમાં સ્થાન પામેલી કલ્વરી 'કલ્વરી' ક્લાસની હતી. વળી, બંનેના નામની પાછળ લાગતાં કોડ નંબર્સ/pennant numbers પણ જુદા છે. હાલની કલ્વરીનો કોડ S-21 છે, તત્કાલીન કલ્વરીનો કોડ હતો – S-

23. તફાવત સમજ્યા ? તો હવે આગળ વધીએ.

૮ ડીસેમ્બર, ૧૯૬૭ ના દિવસે ‘ઓફિશિયલી’ કામે લાગી ચૂકેલી કલ્વરી ભારતની સૌપહેલી સબમરીન હતી. અલબત્ત, ભારત તેનું ‘બર્થ પ્લેસ’ નહોતું એ ખરું, પરંતુ ભારતે એને પૂરેપૂરી રીતે પોતાની બનાવી લીધી હતી. વાસ્તવમાં કલ્વરી સોવિયેત બનાવટની હતી. એટલે સોવિયેત નેવીની પ્રણાલી મુજબ એ ‘ફોક્સટ્રોટ’ ક્લાસની હતી અને તેમના કોડનંબરના ધારાધોરણો મુજબ એનો કોડ હતો B-51. જુલાઈ, ૧૯૬૮માં એનું પણ પરિવર્તન થઈ ગયું અને ઇન્ડિયન સિસ્ટમ પ્રમાણે S-23 રાખવામાં આવ્યું. તેના ફર્સ્ટ કમાન્ડિંગ ઓફિસર હતા કે.એસ. સુબ્રમણ્ય.







કલ્વરી એ મલયાલમ શબ્દ છે જેનો અર્થ ‘ટાઈગર શાર્ક’ થાય છે. કદાચ ટાઈગર શાર્કનાં ખૂંખાર લક્ષણો પરથી જ આ સબમરીનનું નામ રખાયું હશે. કલ્વરી ડીઝલ-ઇલેક્ટ્રિક પેટ્રોલ સબમરીન હતી. હંકારવાના આ ત્રણ ઓપ્શનને કારણે પણ તેનું મહત્વ હતું. તો સામે છેડે ગેરલાભ એ પણ હતો કે તે જૂનવાણી ડીઝાઈનની હોવાથી તેના તૂતકનો મોટો ભાગ ઇલેક્ટ્રિક બેટરીઓએ રોક્યો હોય એટલે એટલી જગ્યાની બાદબાકી થઈ જાય. વધારામાં સમુદ્રની અંદર લગભગ ૧૫ knots/nautical miles એટલે કે ૨૮ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે જતી કલ્વરી તેની પીઠ પર લાદેલી વધારાની બેટરીઓના ભારને કારણે ધીમી પડી જતી. લગભગ ૨ knots જેટલી ધીમી પડતી. જો કે આ બંને નકારાત્મકતાને બાદ કરીએ તો ભારતની આ સૌ પ્રથમ સબમરીન બીજી એકેય બાબતે ઉણી ઉતરે તેમ નહોતું. ૯૧.૯ મીટર/૨૯૯ ફીટ લાંબી શાર્ક સમી કલ્વરી ૮૨૦ ફીટ જેટલી ઊંડાઈએ જઈ શકતી હતી એ વળી એની બીજી મોટી ક્ષમતા !

લગભગ ૨૯ વર્ષ સુધી સેવામાં રહેલી કલ્વરીએ અનેક છૂપા મિશનો અને યુદ્ધોમાં ભાગ લીધો હશે. (નેવીની કેટલીક વિગતો કોન્ફીડેન્શીયલ/જાહેર ન થતી હોઈ અમુક બાબતો ટૂંકી જાણકારી સુધી જ સીમિત રહેતી હોય છે.) ૨૯ વર્ષ બાદ ૩૧ મેં, ૧૯૯૬ના દિવસે કલ્વરીને ઓફિશિયલ રીટાયરમેન્ટ આપવામાં આવ્યું. હાલ એક ભવ્ય ભૂતકાળને સમાવતી આ સબમરીન વિશાખાપટ્નમના આર.કે. બીચ પર અવશેષરૂપે સચવાયેલી છે અને નવી પેઢીને પોતાના ભૂતકાળની ઝાંખી કરાવી રહી છે.

### (૨) INS કરંજ (S-21)

આ S-21 કોડ પરથી કંઈ યાદ આવ્યું ? જરા દિમાગને કસીને કહો કે તાજેતરમાં ક્યાં જોયેલું ? ચાલો હિન્ટ આપી – એક હાઈ ક્લાસ્ડ ઇન્ડિયન અંદરવોટર ફિલ્મ ! કઈ ? જો હજુ પકડી ન શક્યા હો તો ફોડ પાડીએ. ફિલ્મ હતી ‘ધી ગાઝી એટેક !’ ઉત્સુકતાથી જોનાર વર્ગ હશે એણે તરત જ કોડ પર ફોકસ થયું હશે. ગયા વર્ષે રીલીઝ થયેલી આ ફિલ્મ ભારત-પાકિસ્તાનના ૧૯૭૧ના યુદ્ધ પર આધારિત હતી. ફિલ્મની કથા મહદઅંશે સાચી, પરંતુ ફિલ્મની મુખ્ય ‘હિરોઈન’ S-21 કોડ ધરાવતી કરંજ હરગીઝ નહોતી. સત્ય ઘટના મુજબ પાકિસ્તાની સબમરીન ગાઝીને દરિયાતળે મોકલનાર સબમરીન નહિ, પણ એક ફ્રિગેટ/મનવાર હતી ! થયું આશ્ચર્ય ? પરંતુ હકીકત આ જ છે.

ખેર, INS કરંજ ઉપર આવીએ તો કરંજ પણ પેલી કલ્વરી મુજબની જ સોવિયેત નેવી દ્વારા નિર્મિત ‘ફોકસટ્રોટ’ ક્લાસની સબમરીન હતી. કરંજનાં ઘણાં ખરાં લક્ષણો કલ્વરીને મળતાં આવતાં હોવાથી તેને કલ્વરીની ‘જોડિયા બહેન’ કહીએ તો ચાલે. બંનેની લંબાઈ સરખી, બંનેનું વજન લગભગ સરખું, બંનેની ઝડપ સુદ્ધાં એકસરખી.

સોવિયેત નેવી પાસેથી ખરીદીને ભારતે જાણે કલ્વરીની પ્રતિકૃતિ જ કાર્યાન્વિત કરી હતી. આટલાં બધાં ફીચર્સ સરખાં હતાં છતાં પણ સરકારે ખરીદી એનું કારણ શું હતું એ તો કોણ જાણે, પરંતુ કરંજ ૧૯૭૧ના ભારત-પાકિસ્તાનના યુદ્ધ વખતે હુકમના એક્કો બની હતી. અલબત્ત તેની સાથે અન્ય તત્કાલીન સબમરીનોએ પણ યુદ્ધમાં ઓછા-વત્તા અંશે ભાગ લીધો હોય એ દેખીતી વાત છે.



છત્રપતિ શિવાજી મહારાજના એક ગઢનું નામ કરંજ હતું અને તેના પરથી આ સબમરીનનું નામ પણ કરંજ રાખવામાં આવ્યું હતું. ‘કરંજ’ મરાઠી શબ્દ છે જેનો અર્થ થાય

આતશબાજી ! ફટાકડાની આતશબાજીની જેમ જ દુશ્મનોની આતશબાજી કરવામાં કદાચ કરંજનું નામ પંકાતું હશે એટલે જ આ નામકરણ થયું હશે !



ફોક્સ્ટ્રોટ વર્ગની સબમરીનનો ઢાંચો. જૂની કલવરી અને કરંજ આ જ ઢાંચા પ્રમાણે તૈયાર થઈ હતી.

કરંજને પણ ભારત લવાયા બાદ જરૂરી ફેરફારો કરીને પાછળથી 'કલ્વરી' ક્લાસમાં શામેલ કરી દેવામાં આવી હતી. INS કલ્વરીના ડ્યુટી પર આવ્યા પછીના બીજા જ વર્ષે INS કરંજ પણ ફરજ પર આવી ચૂકી. તારીખ હતી ૪ સપ્ટેમ્બર, ૧૯૬૯. કરંજ પણ, આગળ કહ્યું એમ, કલ્વરીની જેમ જ ડીઝલ-ઇલેક્ટ્રિક સબમરીન હતી. અહીં પેટ્રોલનો એક બાધ હતો એ દ્રષ્ટિએ જુદી પડતી હતી. એ પણ લગભગ ૮૨૦ ફીટ ઊંડાઈને આંબી શકતી. અંદરની રચના પ્રમાણે રહેવા-કરવાના સામાન અને ૮ ઓફિસરો સહીત કુલ ૭૫ નાવિકો સમાઈ શકે તેવી વ્યવસ્થા હતી.

કરંજ અને કલ્વરી ક્લાસની બાકીની ત્રણેય સબમરીનો (કલ્વરી, ખંડેરી અને કુરશુરા) એ સમયે વિશાખાપટ્ટનમના INS વીરબાહુ સબમરીન બેઝ પરથી ઓપરેટ થતી. કરંજનો કમાન્ડ સૌ પ્રથમ કમાન્ડર એમ.એન.આર. સામંતના હસ્તક હતો.

૩૩ વર્ષનાં ખાસ્સા લાંબા કાર્યકાળ બાદ કરંજને ૧ ઓગસ્ટ, ૨૦૦૩ના રોજ સેવાનિવૃત્ત કરી દેવામાં આવી. હાલ આ ભૂતકાલીન સબમરીનના અવશેષો કેવી સ્થિતિમાં છે અથવા તો મ્યુઝિયમમાં રાખવામાં આવ્યા છે કે કેમ એ વિશેનો ઉત્તર અત્યાર સુધી કોરો રહ્યો છે. ભવિષ્યમાં કદાચ એના પર પ્રકાશ પથરાય એ બનવાજોગ ખરું.

ચાલુ વર્ષે, ૩૧ જાન્યુઆરીએ ભારતે લોન્ચ કરેલી સ્વદેશી બનાવટની 'સ્કોર્પિયન ક્લાસ' સબમરીનનું નામ પણ કરંજ રાખવામાં આવ્યું છે. આ નવી ઢબની કરંજ પાસે કેટલી શક્તિઓ છે એ પણ ફરી ક્યારેક જોઈશું.

### (3) INS ચક્ર (K-43)

INS ચક્ર ઉપરની બંને સબમરીનો (કલ્વરી અને કરંજ) કરતાં મુઠ્ઠી ઉંચેરી અને ચઢિયાતી કહેવાય, કેમ કે તેનાં sophisticated features/આધુનિક વિશિષ્ટતાઓ તેને ઊંચાઈ બક્ષતાં હતાં.


INS ચક્ર પર પણ 'મેઈડ ઇન ઇન્ડિયા'ની મહોર નથી. તે પણ સોવિયેત નેવી/રશિયા પાસેથી ખરીદવામાં આવી હતી. તેનો ક્લાસ પણ કલ્વરી અને કરંજ કરતાં તદ્દન જુદો – ચાર્લી ક્લાસ હતો. સોવિયેત નેવીમાં તે વખતે આ ચાર્લી ક્લાસની દરેક સબમરીન ન્યુક્લિયર પાવર્ડ હતી અને ક્રૂઝ મિસાઈલ સિસ્ટમ ધરાવતી હતી.



'ચક્ર'ને ભારત સરકારે ખરીદ નહોતી કરી, પણ તેને રશિયા પાસેથી ૧૦ વર્ષના ભાડાપટ્ટે લીધી હતી. અલબત્ત આ કરાર એક રીતે અત્યંત ફાયદાકારક હતો કેમ,કે ચક્ર અત્યંત ઘાતક કહી શકાય તેવી સબમરીન હતી. ન્યુક્લિયર પાવર્ડ હતી એ જ એનો પહેલો મોટો ગુણ હતો. ૧ સપ્ટેમ્બર, ૧૯૮૭ એ ભારતને તે ભાડાપટ્ટે સોંપવામાં આવી અને 3 નવેમ્બર, ૧૯૮૮ના દિવસે વિશાખાપટ્ટનમથી તેણે કાર્યભાર સંભાળ્યો.

ભારતીય નેવી માટે એ વખતે ન્યુક્લિયર ક્રૂઝ મિસાઈલ ધરાવતી સબમરીન એ એક કૌતુક હતું. ન્યુક્લિયર સિસ્ટમથી ભારતીય નેવી બહુ ઓછી માહિતગાર હતી. એટલે 'ચક્ર'નું આગમન થયું એનો બીજો મોટો ફાયદો આ હતો કે ન્યુક્લિયર પાવર બેઝ્ડ સબમરીનના 'ઘરઆંગણે' આવવાથી નેવી સંપૂર્ણરીતે તે સિસ્ટમથી માહિતગાર થઈ જવાની હતી. સોવિયેત નેવીના જણાવ્યા અનુસાર ચક્રનો કરાર ભારતીય નૌકાદળને તાલીમ આપવાના ભગીરથ કાર્ય અર્થે કરવામાં આવ્યો હતો. આથી ચક્ર જ્યારથી ફરજ પર લાગી એ દિવસથી તેમાં ભારતીય ઓફિસરોની સાથે સોવિયેત નેવીના ઓફિસરો પણ તેમની તાલીમાર્થે મોજૂદ રહેતા હતા. ખરું જોતાં INS ચક્રની મળતી તાલીમથી ભારતને સૌથી મોટો ફાયદો એ થયો કે ઈજનેરોએ ચક્રથી પ્રેરાઈને ભારતની સૌ પ્રથમ ઘરેલુ ઉત્પાદન જેવી INS અરિહંતનો

આવિષ્કાર કર્યો જે સમય જતાં ભારતની ઉત્તમ સિદ્ધિ બની.



ભારતીય નૌકાદળે લીઝ પર મેળવેલ ચાર્લી ક્લાસ સબમરીન 'ચક્ર'નું માળખું

૧૦ વર્ષનો કરાર માત્ર ૪ વર્ષે અમુક કારણોસર પૂરો થયો અને ૩૦ જુલાઈ, ૧૯૯૨ ના દિવસે 'ચક્ર'ને નિવૃત્ત કરવામાં આવી અને ત્યાર બાદ સોવિયેત નેવીને પરત મોકલી દેવામાં આવી. એનો કાર્યકાળ ભલે આટલો સિમિત રહ્યો હતો, પરંતુ આટલા ઓછા સમયમાં તેને લીધે ભારતીય નેવીને ઘણું શીખવા મળ્યું અને અનુભવો મળ્યા. સોવિયેત નેવીને સોંપાયા બાદ એક વર્ષે તેને સ્ક્રેપ તરીકે વેંચી દેવામાં આવી.


હવે ચાર્લી ક્લાસની 'ચક્ર'ને નિવૃત્ત કર્યાના બરાબર વીસ વર્ષે ફરી એ જ નામે (INS Chakra 2) નવા અવતારને ૪ એપ્રિલ, ૨૦૧૨થી ઇન્ડિયન નેવીમાં સામેલ કરવામાં આવી છે અને બીજી ચમકાવનારી વાત એ કે આ 'ચક્ર'ને પણ રશિયા પાસેથી ૧૦ વર્ષના ભાડાપટ્ટે લેવામાં આવી છે ! હવે જોઈએ, જૂની ચક્રની આ બહેન થકી આપણને કેટલોક લાભ સાંપડે છે.

*

# સાયન્સ ટૉક



હર્ષ. એમ. મહેતા




**બ્રિફિંગ**

સાયન્સ ટૉકના આ વિભાગમાં આપનું સ્વાગત છે , આનાથી પહેલાના અંકમાં આપણે કેટલીક વસ્તુઓ તથા એના અલગ અલગ ઉપયોગ જોયા , તો આ વખતે પણ એજ વિષય યથાવત રાખીને આગળ વધીએ, ને બીજી કેટલીક ચીજોના અજાણ્યા ને અણધાર્યા ઉપયોગો વિશે માહિતી મેળવીએ.



© JOBLESS YUVA

સાયન્સ ટોકના આ વિભાગમાં આપનું સ્વાગત છે. ગયા અંકમાં આપણે કેટલીક વસ્તુઓ તથા એના અલગ અલગ ઉપયોગ જોયા. તો હવે આ વખતે પણ એ જ વિષય યથાવત રાખીને આગળ વધીએ અને બીજી કેટલીક ચીજોના અજાણ્યા ને અણધાર્યા ઉપયોગો વિશે માહિતી મેળવીએ.

**(૧) પેનના ઢાંકણાની (કેપની) ઉપર બનાવાયેલો એક હોલ...**

ભલે કોઈ પણ દેશ ગમે તેટલો ડિજિટલ થઈ જાય, તો પણ કલમ(પેન) એ એક દેશની એવી જરૂરિયાત છે જે કયારેય ઓછી નહિ થાય. આજે, અલગ-અલગ જરૂરિયાતો મુજબ જેલ પેન, બોલ પેન, રોલર પેન, ઇન્ક પેન વગેરે સરળતાથી મળી જાય છે. જો કે બધી પેનમાં તેનો મૂળ સિદ્ધાંત તો એનો એ જ રહે છે. પણ



આપણે તો એનાં ઢાંકણાની વાત કરવાની છે. હા, એ જ ઢાંકણું જે કાં તો ચોરાઈ જાય છે અથવા ખોવાઈ જાય છે. અથવા તો આપણે જ ચાવી જઈએ છીએ !

સામાન્ય રીતે ઢાંકણાની સાદી ડિઝાઇનમાં વધુ ફેરફાર નથી હોતો. પણ કોઈક કોઈક બોલપેનના ઢાંકણામાં ઉપરના ભાગે એક હોલ આપેલો હોય છે જે સામાન્ય રીતે મોટો કે નાનો હોઈ શકે.

આપણામાંથી ઘણાની માન્યતા એવી હોય કે - એ હોલ એટલા માટે હશે કે જેથી પેનના પોઇન્ટ કે બોલને હવા મળી રહે ને એનાથી પેન સુકાય નહિ. (આવો જ એક નાનો હોલ પેનના તળિયામાં આવેલ ઢાંકણામાં પણ હોય જ છે) જો કે આ માન્યતા 50% સાચી જ છે. પણ... હોલ આપવા પાછળનું બીજું કારણ



પણ છે:

એક પરિસ્થિતિ વિચારો કે જેમાં કોઈ બાળકની આદત હોય પેનનું ઢાંકણું ચાવવાની ને એ ભૂલથી ગળી જવાયું ! ભલે કોઈ પણ કારણે , તો શું હાલત થશે ?

આટલું મોટું ઢાંકણું શ્વાસનળીમાં ફસાયા પછી લગભગ જ ચાન્સ છે કે તમે બચી જાઓ. પણ જો આ હોલવાળું ઢાંકણું હશે તો શ્વાસનળીને મળતો સપ્લાય ચાલુ જ રહેશે. ભલે શ્વાસ લેવામાં થોડી ઘણી તકલીફ રહેશે, પણ ત્યાં સુધીમાં તો ઉપચાર પણ થઈ જાય એટલો વધુ સમય મળી જશે.

બસ એ આપવા પાછળ આ જ કારણ છે !!!


જો કે, આવું બહુ ઓછા કેસમાં બને. પણ એક અંદાજ મુજબ ખાલી અમેરિકામાં જ વર્ષે લગભગ 50,000 લોકો ગળામાં આવી ચીજો ફસાઈ જવાને કારણે મૃત્યુ પામે છે. એટલે એ રીતે ફક્ત એક હોલ વધારાનો આપી દેવાથી કોઈ બચી શકે એમ હોય, તો એ આપવું યોગ્ય જ છે એમ કહી શકાય.

**(૨) સોફ્ટ/કોલ્ડડ્રિંક્સના ગ્લાસ પર આપવામાં આવતું ઢાંકણું (લીડ)...**

ભલે ભારત જેવા દેશોમાં કોલ્ડડ્રિન્કનું સેવન વધતું જાય છે છતાં આજે સોફ્ટડ્રિન્કસ પીનારાઓનો વર્ગ ઓછો નથી. રંગબેરંગી, મજેદાર ને ઠંડી સોફ્ટડ્રિન્કને આજેય પણ એટલો જ આવકાર મળે છે .

જો કે, આપણે જો બહાર કયાંય સોફ્ટ/કોલ્ડડ્રિન્ક પીએ તો ત્યારે એક વાત પર નજર અચૂક જાય જ છે - એના લીડ (કેપ) ઉપર કે જ્યારે ડ્રિન્ક ગ્લાસમાં પીરસવામાં આવે છે. આવું સોફ્ટડ્રિન્કસમાં વધુ જોવા મળે છે. એ ઉપરાંત જ્યારે ઠંડા ગોલા ખાવા જઈએ ને એ ગ્લાસમાં પેક કરે ત્યારે ગ્લાસ પર જે ઢાંકણું લગાવે એ પણ આ જ હોય છે.

હા એ જ. ગ્લાસથી થોડી મોટી સાઈઝનું, પણ આકર્ષક લીડ કે જે બરાબર પેક કરીને




આપવામાં આવે છે ને આપણે બહુ મસ્તીથી એની વચ્ચે સ્ટ્રો પરોવીને પેટમાં પધરાવીએ છીએ. હવે આ લીડ આપવાનું શું કારણ ? સામાન્ય ઢાંકણું પણ આપી જ શકાય ને !

એનું એક કારણ એ તો છે જ, કે ઢાંકણું બંધ હોય ને ફક્ત સ્ટ્રોથી પીતા હોઈએ ત્યારે આજુબાજુ ઢોળાવાની શકયતા બહુ ઓછી થઈ જાય. પણ તમે ધ્યાન આપ્યું હશે તો ખબર હશે કે એ બહારથી ચપટું પણ વચ્ચે

પાતળી કિનારીવાળું હોય છે. જો કે વચ્ચેનો જે ભાગ અલગ તરી આવે છે એનું માપ લગભગ ગ્લાસના નીચેના ભાગ જેટલું જ હોય છે.

હવે થોડો ઘણો અંદાજો આવ્યો હશે કે આવા લીડ/કેપનું કામ આજુબાજુ સફાઈ રાખવાનું પણ છે. આ લીડને તમે ખોલીને ઊંધું વાળો ને જે વચ્ચેનો ભાગ ઉપર દેખાઈ આવે એના પર આરામથી એ ગ્લાસ મૂકી શકાય. આમ કરવાનો ફાયદો એ છે કે ગ્લાસને હાથથી પકડવો ન પડે એટલે હાથ ન બગડે.

વળી, જો ડ્રિન્ક વધુ ઠંડું હોય તો આજુબાજુના ભેજને કારણે ગ્લાસ પર પાણીના ટીપાં બાજી જાય ને છેવટે તે નીચે ઉતરીને ટેબલને ગંદુ કરે. એટલે ક્યારેક ડાઘ પણ જોવા મળે. જો હવે આ કેપ હોય તો એ બધા ટીપાં એના પર જ જમા થાય એટલે ટેબલ કે ટેબલ ક્લોથ પણ બગડે નહિ.

આમ, ગ્લાસને સારો દેખાવ મળે ને સફાઈની પણ જરૂરિયાત ન રહે.

**(3) પેટ્રોલ પંપ પર રહેલા મેગ્નેટિક બ્રેકઅવેસ...**




થોડાક સમય પહેલાં એક વિડિઓ વ્હોટ્સએપમાં વાયરલ થયો હતો જેમાં એક વ્યક્તિ પેટ્રોલ પૂરાવવા પેટ્રોલપંપે આવે છે. જો કે, આ વિડિયો વિદેશનો હતો એટલે ત્યાં પોતાની મેળે જ રૂપિયા (ડોલર કે બીજું કાંઈ) આપીને પેટ્રોલ ભરવાનું હોય છે. એટલે એ વ્યક્તિએ પેટ્રોલ તો બરોબર રીતે ભર્યું, પણ ભરાઈ ગયા પછી એ પેટ્રોલની હોસ-પાઇપ ગાડી સાથે જ રહી ગઈ. હવે આ ભાઈએ ગાડી સ્ટાર્ટ કરી ને આગળ ચલાવા ગયો ત્યાં જ ધડામ !!!! એ પેટ્રોલનો ડબ્બો પણ ગાડી સાથે ઢસડાયો ને જોતજોતામાં તણખા સાથે ત્યાં આગ લાગી ગઈ. ડ્રાઇવર નશામાં હશે કે પછી ભૂલથી આવું કર્યું હશે એ પાછળનું કારણ ખબર નથી. જો કે આ વિડિઓ પણ કોમેડી માટે જ ગ્રૂપમાં વાયરલ કરાયો હતો, પણ જો આવી જ કોઈની નાની ભૂલના કારણે પેટ્રોલ-પંપમાં આગ લાગે તો ?

આવું ન થાય તે માટે હવેના આધુનિક પેટ્રોલપંપોમાં અલાયદી વ્યવસ્થા કરવામાં

આવી હોય છે. આ માટે હોસ-પાઇપ (જેમાંથી ફ્યુલ નીકળે છે) એની લંબાઈ થોડી વધુ રાખવામાં આવે છે. તે ઉપરાંત એ જ્યાં પંપ સાથે જોડાયેલો હોય ત્યાં 'મેગ્નેટિક બ્રેકઅવેસ' આપેલા હોય છે.

આ મેગ્નેટિક બ્રેકઅવેસનું કામ એકદમ સિમ્પલ છે. એ સામાન્ય સ્થિતિમાં મેગ્નેટાઇઝ્ડ થઈને પંપ સાથે જોડાયેલો રહે છે, પણ જો એના પર અમુક કરતાં વધુ દબાણ સર્જાય તો તે તરત જ ડીમેગ્નેટાઇઝ થઈ પંપથી છૂટું પડી જાય છે. આનો ફાયદો એ થાય છે કે જો ડ્રાઇવર હોસ-પાઇપ કાઢવાનું ભૂલી જાય ને ગાડી સ્ટાર્ટ કરી દે તો સાથે સાથે એ હોસ-પાઇપ પણ પંપથી છૂટું પડીને તેની સાથે ઢસડાય ને પંપને બચાવી લે. આમ, ચુંબકત્વના સિદ્ધાંતથી મોટી દુર્ઘટના ટાળી શકાય છે.

**(૪) D.S.L.R. કેમેરા પર આવેલ ગ્રીક અક્ષર 'phy' (ફાય) જેવું નિશાન - φ**

D.S.L.R./Digital Single Lens Reflex નામ સાંભળતાં જ આપણા મગજમાં બેકગ્રાઉન્ડ બ્લર કરેલો કોઈકનો પોટ્રેટ ફોટો મગજમાં આવે !




હમણાંના સમયમાં D.S.L.R. કેમેરાનું પ્રમાણ ઘણું વધી ગયું છે. જો ગ્રુપમાં પણ કોઈની પાસે આ કેમેરો હોય તો તેનો અલગ જ વટ પડે છે. આ કેમેરામાં અલગ અલગ ફોટાને અનુરૂપ અલગ અલગ સેટિંગ પણ આપેલાં જ હોય છે એટલે સરળતાથી વિવિધ ફોટો પાડી શકાય.

આપણે સામાન્ય રીતે કેમેરા પરના બધા ફીચર્સથી વાકેફ જ હોઈએ છીએ, પણ ક્યારેક કોઈક નિશાની/Symbol જોઈને એમ જ થાય છે કે આનો શું ઉપયોગ હશે ? આવી જ એક નિશાની જે સામાન્ય રીતે એક બાજુના ભાગમાં આપેલી હોય છે - φ આ નિશાની એક બાજુએ કોઈ પણ જગ્યાએ હોય છે, પણ એ સામાન્ય રીતે ડાયલની નજીક જ હોય છે.

આ નિશાનીને 'ફિલ્મ પ્લેન માર્ક' કે 'ફોકસ પ્લેન માર્ક' કહે છે. સામાન્ય રીતે બધા

કેમેરામાં ફિલ્મ પ્લેન/સેન્સર પ્લેન આવેલો હોય છે.vએટલે આ (φ)ની નિશાની કેમેરાની ઉપર અંકિત કરેલી હોય છે ને એ કેમેરામાં ફિલ્મ પ્લેન ક્યાં બેસાડેલો છે એની સચોટ જગ્યા સૂચવે છે. પણ આનું શું કામ ?

હવે જે લોકો પ્રોફેશનલ ફોટોગ્રાફી કરતા હોય એમને ખબર હશે કે સામાન્ય રીતે નજીકની વસ્તુઓની ફોટોગ્રાફી એટલે 'મેક્રો ફોટોગ્રાફી' એ રેગ્યુલર ફોટા કરતાં અઘરી હોય છે. એમાં વસ્તુ એટલે કે 'સબ્જેક્ટ' અને 'ફિલ્મ પ્લેન' વચ્ચેનું અંતર ગણવાની મહત્વપૂર્ણ ક્રિયા અચુકથી કરવી પડે છે. ને આ જ ગણતરીમાં ફાયદાકારક બને છે આ નિશાની (φ). એટલે ફક્ત એનું કેમેરા પર લોકેશન જોઈને જ આ ગણતરી સરળતાથી કરી શકાય છે.

એટલે હવે બીજી વાર કેમેરો હાથમાં લ્યો એટલે આ નિશાનીને શોધવાનું ભૂલતા નહીં....

**(૫) સોડા તથા બીજા ઠંડા-પીણાંની બોટલના ઢાંકણાની અંદર આવેલું એક રબરનું કેપ કે પ્લાસ્ટિક લાઈનર...**

આ લેખની શરૂઆત આપણે ઢાંકણાના ઉપયોગથી કરી તો એનો અંત પણ એના જ બીજા પ્રકારથી કરીએ !



આપણે ઠંડા-પીણા કે સોડા બોટલની ઉજાણી કરીએ ત્યારે જેના ભાગમાં ગ્લાસ ન આવે ને ફક્ત બોટલ આવે એને આ વાતની ખબર હશે કે જ્યારે ઢાંકણાની બીજી બાજુ જુએ ત્યારે એક રબરના પેડ જેવું ઢાંકણાની પાછળ હોય છે. આનો કોઈ ઉપયોગ ન હોય એવું પહેલી નજરથી લાગે.

પણ જો આ પેડ જેવું ન હોય તો સોડા વોટરનો જે સ્વાદ છે એ પણ અકબંધ ન રહે ! કારણ ? કારણ કે આ સોડા, કોલ્ડડ્રિંક્સને બહુ દબાણથી ભરવામાં આવે છે એટલે જે કાર્બોનેટ ગેસ દાખલ કરાયો હોય એ એમાં રહેવો પણ જરૂરી છે. હવે જો આ રબરનું પેડ હોય તો સોડાનું બાષ્પીભવન ન થાય એટલે પ્લાસ્ટિકના ઢાંકણા પર ટીપાં ન બાઝી શકે. આમ, એનામાં રહેલો ગેસ પણ યથાવત રહે.

બીજી બાજુ જો આવું ન કરવામાં આવે, તો થોડા જ સમયમાં સોડા એ ગેસ વગરની ખાલી બેસ્વાદ સોડા રહી જાય.

આથી, માત્ર આવા નાના એવા રબરના ટુકડાથી સોડા તથા કોલ્ડડ્રિન્કની તાજગીભરી ફ્લેવર માણી શકાય છે.

*

# રખડપટ્ટી



એકતા. એન. દોશી




**બ્રિફિંગ**

ચાલો, 'થ્રી ઇડિયટ્સ'ના પેંગોંગલેકની સફરે. દુનિયાના સૌથી ઉંચા મોટરેબલ રોડસ ઉપર ફરવા. બરફના વિવિધ રૂપો જોવા અને કુદરતને વધું પાસેથી ઓળખવા. અવિસ્મરણીય રખડપટ્ટી કરવા પ્રાચીન સિલ્કરૂટની.



© JOBLESS YUVA

વેલકમ બેક ટુ લદ્દાખ....ગયા મહિને શું શું ફરેલા એ તો યાદ જ હશે ને ? છતાંય ઝડપથી યાદ કરાવી દઉં... આપણે જમ્મુથી શ્રીનગર પહોંચેલા અને ત્યાંથી સોનમર્ગની નદીમાં પગ પખાળ્યા, બરફથી રમ્યા, કારગિલ (જે વિશે પહેલા અંકમાં છે)થી નીકળી શરૂ કરી લદ્દાખી સફર... ફોટુલા થઈ, મુન લેન્ડ ગયા, ઝંસ્કાર સંગમ જોઈ મેગ્નેટિક હીલ પહોંચ્યા, પથ્થર સાહિબના દર્શન કરી લેહ ગામમાં પહોંચ્યા. અદભુત હેમિસ મોનેસ્ટ્રી, રહસ્યમય થિકસે મોનેસ્ટ્રી, ઐતિહાસિક લેહ પેલેસ અને આધુનિક શાંતિ સ્તૂપ અને મિલિટરી મ્યુઝિયમ આ બધું જોયું.

તો હવે આગળ વધીએ.... "થ્રિ ઇડિયટ્સ" જોયા પછી દરેક ભારતીયના સ્વપ્ન જેવા "પેંગોંગ લેક" જોવા જવાનું હતું. વ્હાટ્સએપ ઉપર મિત્રોને મેસેજ મૂક્યો: "જાઉં છું, ફૂંગસૂક વાંગડુંને મળવા." આપેલા સમયથી વહેલી જ રૂમમાંથી નીચે ઉતરી ગઈ.




હેવી બ્રેકફાસ્ટ ભૂલતા નહીં અને જો વોમીટનો પ્રોબ્લેમ હોય તો તેની ગોળી પણ. એકવાર લદ્દાખમાં પહોંચ્યા પછી રસ્તાનું અંતર કિલોમીટરમાં નહીં, કલાકોમાં માપવાનું. આજની સફરનો એક તરફનો રસ્તો છે લગભગ 6 કલાક, 160 કિલોમીટર.

લેહ ગામની સુંદરતા માણતાં માણતાં અમને પેંગોંગત્સો વિશે જણાવી દેવામાં આવ્યું.

"પેંગોંગત્સો" નામ તિબેટીઅન શબ્દ "સ્પાનગ ગોંગ મત્સો" ઉપરથી આવ્યો છે જેનો મતલબ થાય છે "ઊંચા ઘાસવાળી જગ્યાનું તળાવ", પણ વધારે તો "અભિભૂત કરી દેનાર તળાવ" તરીકે ઓળખાય છે. તે પાંચ કિલોમીટર પહોળું અને એકસો ચોત્રીસ કિલોમીટર લાબું છે. 60% ચાઈનામાં અને 40% ભારતમાં છે. ત્યાં જવા માટે મિલેટરીની પરમિશન લેવી પડે છે, જે લેવી સહેલી છે. રસ્તાઓ વિશે તો એટલું જ કહીશ, કે પહાડી રસ્તાઓ જેટલા અઘરા એટલાં જ સુંદર. લદ્દાખ ગયા છો તો પહાડના દરેક રૂપો જોવા મળશે. એક

જ વાક્ય મોઢામાંથી સરી પડશે... "યે દિલ માંગે મોર !"

પહેલું સ્ટોપ આવ્યું મિલેટરી ચેકીંગ અને મને મળ્યો મારા જીવનનો પ્રથમ હળવો સ્નો ફોલ. નરમ મુલાયમ રૂ જેવો, હાથમોજા કાઢી ઝીલો તો તરત જ ગાયબ. કારમાં પાછું ચડવાનું મન નહોતું થતું, પણ પછી યાદ આવ્યું કે હું તો અજાયબ ધરતી ઉપર છું. નક્કી વધુને વધુ સુંદરતા જોવા મળવાની છે. ફટાફટ પાછી કારમાં ગોઠવાઈ અને શરૂ થયું બરફનું અનંત સામ્રાજ્ય.

અમે આવી પહોંચ્યા હતાં વર્લ્ડસ થર્ડ હાઈએસ્ટ મોટરેબલ રોડ "ચાંગલા", જેની ઊંચાઈ છે 17,590 ફૂટ. ચાંગલાનો મતલબ છે "દક્ષિણ તરફ જવાનો રસ્તો." અહીં બરફનું તદ્દન નવું સ્વરૂપ જોવા મળ્યું. થર્મોકોલ સ્વરૂપ....! હા, દાણાદાર બરફ. નાના બાળક બની બે હાથે એ બરફ ઉછળવામાં દુનિયા ભૂલી શકાય. આજે પણ યાદ કરું તો એક મુસ્કાન આવી જાય છે. ફરી હળવો સ્નો ફોલ અને દિલ ગાર્ડનગાર્ડન થઈ ગયું. અમુક સહયાત્રીઓની તબિયત થોડી બગડી. એટલે કારમાં ગોઠવાઈ ગયા. ત્યાં આર્મીની એક કેન્ટીન છે. થોડું ખાવાપીવાનું મળે છે. ભારતીય ભક્તિ ત્યાં પણ ઉચ્ચ શિખરે બિરાજમાન છે. એક બાબાનું મંદિર છે. ભારતની ભક્તિ સાથે બીજી ફેમસ ચીજ ગંદકી.... તે પણ ઉચ્ચ શિખરે બિરાજમાન છે ! આપણી સરકારે, આર્મીએ કેટલી મહેનત લઈ ત્યાં વ્યવસ્થાઓ ઉભી કરી છે પણ આપણી સોચ અને શૌચાલય... મન ખિન્ન થઈ ગયું. ફરી બરફ સાથે થોડી રમત કરી મનને મનાવી લીધું. આગળ વધ્યા મંઝિલ તરફ.




વન મોર પ્લેસ ટુ સ્ટોપ, ચાંગ લા. બધું ભૂલીને ફરી બાળસહજ મસ્તીઓ કરવી હોય,તો એકવાર અહીં અચૂક જઈ આવજો.

"મૌસમ મસ્તાના, રસ્તા અંજાના,

જાને કબ કીસ મોડ પે બન જાયે કોઈ અફસાના.."

મજા પડી ગઈ. બરફમાંથી નીકળ્યા અને દૂર એક સુંદર મજાનું તળાવ દેખાયું જેના કિનારે યાક - બર્ફીલા પ્રદેશનું દુધાળુ પ્રાણી ચરતું હતું. થયું આપણી મંઝિલ આવી ગઈ લાગે છે, પણ ડ્રાઈવરે કહ્યું, "આવા નાના ત્સો તો બહુ આવશે. આપણે હજુ દૂર જવાનું છે."

આજુ બાજુ રંગબેરંગી પહાડો વચ્ચે નાના તળાવો, થોડી લીલોતરી અને ચોમેર શાંતિ. વાહ, સ્વર્ગ તો આવું જ હોતું હશે. હવે હજુ એક સરપ્રાઈઝ મારી રાહ જોતી હતી. એ હતી સફેદ રેતી. જી હા, રસ્તામાં બંને બાજુ દરિયા કિનારે હોય તેવી રેતી હતી અને તે પણ સફેદ. બધે



નજર દોડાવી તો પહાડ ઉપર પણ પાણીના ધોવાણથી થયેલાં કોતરકામ દેખાયાં. એક વખત હિમાલયની જગ્યાએ સમુદ્ર હતો એ વાત જોવા મળી.

આગળ વધ્યા ત્યાં મેદાનમાં એક ખાડામાંથી કોઈક નિકળ્યું, એના પ્રદેશમાં અમને આવકારવા, એ ત્યાંનું એક લોકલ પ્રાણી હતું. ખિસકોલીથી મોટું અને સસલાથી નાનું, મીઠું મજાનું અને રમતિયાળ



"મરમુટ." એકદમ મિત્રતાભર્યું, ડરપોક, પણ શરમાળ બિલકુલ નહીં. મસ્તમજાના પોઝ આપી ફોટા પડાવે. ઉપાડી લાવવાનું મન થઈ ગયું.

ફાઈનલી... "પેંગોંગ ત્સુ." કોઈક અદભુત કલાકારે પોતાના જીવનનું સૌથી સુંદર કુદરતી દ્રશ્ય



દોરીને મૂકી દીધું હોય તેવું રંગીન. મૂવીમાં બતાવેલા સૌંદર્ય કરતાં પણ સુંદર પહાડો અને આરપાર દેખાતું નિર્મળ જળ. આ તળાવ ખારા પાણીનું હોવાને કારણે તેની અંદર જીવસૃષ્ટિ ના બરાબર છે. કિનારે બેસી જેટલે સુધી નજર જાય તેટલે અંદર સુધી બધું જ દેખાય. ત્યાં સી-ગુલ પક્ષીઓના ઝુંડ હતાં અને અમારા જેવા પ્રવાસીઓના ઝુંડ પણ. છ કલાકના પ્રવાસનો થાક તો જાણે ઉતરતાં જ ભુલાઈ ગયો. મન તો થઈ ગયું કે એક બોટ લઈ આ તળાવના અંત સુધી વહ્યા કરીએ. ચાઇનાનો વિસા મળતો નહોતો એટલે કેન્સલ કરવું પડ્યું. ખૂબ ફોટો લીધાં. પાણી તો પીવાય તેવું હતું નહીં એટલે ખોબલેને ખોબલે સૌંદર્ય પીધું. ત્યાં રાત રોકાવા

માટે પણ ટેન્ટ્સ છે, એટલે પ્લાન કરી શકાય. 'કાલે ખારડુંગલા જોઈ આવીએ અને રસ્તો ખુલી જશે તો આપણે થોડું વધારે ટ્રાવેલ કરીને



પણ જઈ આવીશું.' બહુ માગ્યું ભગવાન પાસે પણ વ્યર્થ.

અમારે બીજે દિવસે જવાનું હતું "ખારડુંગલા." ફરીથી એક અલગ ઊંચાઈએ, 18,380 ફૂટની ઊંચાઈએ આવેલો દુનિયાનો સૌથી ઊંચો મોટરેબલ રોડ. કિલોમીટર ફક્ત 38, પણ ટ્રાવેલ ટાઈમ દોઢ કલાક. લગભગ અડધી કલાક પછી અમારા ઉપર ફરી બરફની દુનિયા છવાઈ ગઈ. મિલિટરીના ટ્રક રસ્તાઓ સાફ કરતા જતા હતા અને અમારી નજર સામે એક ટ્રક દિલ ધડક રીતે સ્લીપ થતાં બચી. આગળ બધા લાઈનમાં ઉભા હતા. અમારી કાર પણ લાઈનમાં લાગી. સામે પહાડ ઉપરથી ઓગળી ઉતરતાં પાણીથી બનેલો બરક જગ્યાએ જગ્યાએ બરછી આકારમાં જામેલો હતો. અમારા એક સહયાત્રીએ ઉતરીને એક બરફની તલવાર ખેંચી અને અમને બધાને પકડવા આપી. રસ્તો ખૂલ્યો અને અમે પહોંચ્યા "ખારડુંગલા !" ત્યાં પણ આપણાં જવાનો ડ્યૂટી કરતા હતા અને ત્યાં પણ મંદિર હતું અને હતાં અમારા જેવા પ્રવાસીઓના ધાડેધાડાં. ત્યાં બરફનું વળી નવું સ્વરૂપ હતું, રૂના ઢગલાનું રૂપ. અમારા પગ અંદર સુધી ઘુસી જતા હતા. એ ઊંચાઈ ઉપર મેં બરફમાં મારા બધા વ્હાલાઓના નામ કોતરવાનો આનંદ મેળવ્યો. અતિ પાતળી હવાને કારણે અમારે 30 મિનિટથી વધારે રોકાવાનું નહોતું. બધા પાછા આવવા નીકળ્યા.




ખારડુંગ લા (લા એટલે ઘાટ) પરથી
ખજાનોનાં લેખિકાનું
નમસ્તે-સત્ શ્રી અકાલ-આદાબ-હાઈ !

અમારા બે સહપ્રવાસીઓની તબિયત ખૂબ જ

કથળી હતી. તેઓ માથું પકડીને સુઈ ગયા. મારી નજર પડી એક બોર્ડ ઉપર અને હું જાણે સદીઓને પહેલે પાર પહોંચી ગઈ. બોર્ડ ઉપર લખેલું "સિલ્ક રૂટ." સ્કૂલમાં સિલ્ક રૂટ વિશે ભણેલાં ત્યારે વિચાર્યું નહોતું કે જીવનમાં ક્યારેય આ જગ્યા જોઈશ. એ વખતના લોકો કેટલી મુશ્કેલી ઉઠાવી આવતા હશે એવા વિચારથી રોમ-રોમમાં રોમાંચ વ્યાપી ગયો. લેહ ગામમાં પહોંચ્યા. લંચ લીધું. બે બીમાર યાત્રીને મિલિટરી હોસ્પિટલમાં લઈ ગયા. તાત્કાલિક ઓક્સિજન આપવો પડ્યો. ત્યાંની મિલિટરી સેવાને સલામ.

બપોરે અમારી હોટેલમાં કેટલાક જાપાનીઝ ગેસ્ટ આવેલા. તેમના મનોરંજન માટે સાંસ્કૃતિક કાર્યક્રમ રાખવામાં આવેલો, જેનો લ્હાવો અમને પણ મળી ગયો. ત્યાંના લોકનૃત્ય જોયા અને થોડુંક નૃત્ય કરી પણ લીધું. સાંજે લેહની બજાર ફર્યા. રૂપકડાં, કરચલી પડેલાં નિર્દોષ ચહેરાઓ, સરસ મજાની કારીગીરી કરેલા કપડાંઓ, ગરમ કપડાંઓ, ચાંદીજડિત મૂલ્યવાન પથ્થરોનાં ઘરેણાં અને ચાઈનિઝ માલથી બજાર છલકાતું હતું. બૌદ્ધિઝમને લાગતા એન્ટીક સ્ટેચ્યુસ અને આર્ટિકલ પણ ખૂબ જ સુંદર હોય છે. બધાને આપવા માટે ત્યાંના જરદાલુ લીધાં અને જીવનભર ન ભૂલાય તેવાં સંસ્મરણો લઈ લદ્દાખ છોડ્યું.

હું તો નુબ્રા વેલી નથી જોઈ શકી, પણ તેનો અનુભવ પણ ખૂબ ખાસ છે તો ચૂકાય નહીં તેવો પ્લાન કરજો.

## ★ લદ્દાખ જવાનો ઉત્તમ સમય:

**મેના અંતથી સપ્ટેમ્બર અંત. પણ હું સલાહ આપીશ જુનના પહેલાં અઠવાડિયામાં પહોંચી જવાની.**

## ★હવામાન:

**સતત બદલાય એટલે પૂરતાં ગરમ કપડાં અને રેઇનવેર. ત્રણ જીન્સ અને**

ચાર ટીશર્ટ ચાલશે, પણ જેકેટ 2-3 લેવા. ફોટામાં ગરમ કપડાં જ દેખાવાનાં છે.

★જવાનો રસ્તો :

- શ્રીનગરથી લેહ (રોડ)

- મનાલીથી લેહ (રોડ)

- દિલ્હીથી પ્લેનમાં લેહ ( જે વધુ ખર્ચાળ અને ઓછો આનંદદાયક)

★દિવસ :

ટ્રાવેલિંગ અને સ્ટે, બધું ગણી પંદરથી સત્તર દિવસ રાખો તો અફસોસ નહીં થાય.

★કેમેરો :

લેટેસ્ટ રાખવો.

# મૂવી ગોસિપ



નરેન્દ્રસિંહ. આર. રાણા



## હોલીવુડની સર્વશ્રેષ્ઠ ફિલ્મોની સફર
## સીનઃ ત્રીજો

**બ્રિફિંગ**

આ વખતની દસ ફિલ્મોમાં છે, વિશ્વની બે સર્વશ્રેષ્ઠ સાયકોલોજીકલ મર્ડર મિસ્ટ્રી. વિશ્વ સિનેમાના બે અમર પાત્રો અને મહત્વનો જીવન સંદેશ આપતી એક ફિલ્મ. તો ચાલો ફરી શરૂ કરીએ, વિશ્વની શ્રેષ્ઠ હોલિવુડ ફિલ્મોની સફર...



© JOBLESS YUVA

સુસ્વાગતમ ! ફરી એક વાર આપ સૌનું હોલીવુડની સર્વશ્રેષ્ઠ ફિલ્મોની સફરે સ્વાગત છે. તમે જ્યારે આ અંક વાંચતા હશો ત્યારે કદાચ વર્ષની શ્રેષ્ઠ ફિલ્મોને આપવામાં આવતા 'ઓસ્કર એવોર્ડસ'ની જાહેરાત થઇ ચુકી હશે. અખબારોમાં તેમની કદાચ ચર્ચાઓ પણ થતી હશે. આ ફિલ્મો કદાચ તમારા નજીકના થિયેટરોમાં ચાલતી પણ હશે. આ બધી ફિલ્મો ચોક્કસ જોવી. ઓસ્કરમાં નોમિનેટ થતી મોટાભાગની ફિલ્મોનું સ્તર સારું હોય છે. ઓસ્કર એવોર્ડસ કેટલીક ખામીઓ છતાં આજે પણ ફિલ્મો માટેના સર્વોચ્ચ એવોર્ડસ છે માટે તેમાં નોમિનેટ થયેલી ફિલ્મો અચૂક જોવી. મોટેભાગે તમને એ ફિલ્મો નિરાશ નહીં કરે.


ચાલો ત્યારે આપણી સફર આગળ વધારીએ.

**30. અમેરિકન હિસ્ટ્રી એક્સ(American History X)(1998) :**

"ધિક્કાર એક એવી લાગણી છે, જેનો વજન જીવનભર ઉપાડવો નિરર્થક છે. આખી જિંદગી કોઈને ધિક્કારવા માટે જીવન બહુ ટૂંકું છે."

ઉપરનું વાક્ય એ આ ફિલ્મનો હાર્દ છે. ફિલ્મ ધિક્કાર અને ક્ષમા જેવા બે અંતિમોની વાત કરે છે. ફિલ્મ બે ભાઈઓની વાત કરે છે. બન્ને "નાઝી" વિચારધારાના સમર્થકો છે. બન્ને રંગભેદમાં માને છે. મોટા ભાઈને જેલ થતા તેનું હૃદય પરિવર્તન થાય છે. નાના ભાઈને પોતાના ગુનાહિત રસ્તા પરથી પાછો વાળવા મોટો ભાઈ પ્રયત્ન કરે છે.


આ ફિલ્મમાં જાતિવાદી માનસિકતા ખુબ અસરકારક રીતે દર્શાવી છે. ફિલ્મમાં દરેક જાતિઓ પોતે જ શ્રેષ્ઠ છે અને બીજી જાતિના લોકો તેમના વિરોધી છે, તેમ માને છે. બધા જ કોઈને કોઈ જાતિવાદી સંગઠનોના સભ્યો બનીને બીજાને હાનિ પહોંચાડવાનો પ્રયત્ન




કરતા રહે છે. ભારત દેશમાં પણ મોટેભાગે આવી જ પરિસ્થિતિ છે. જાતિવાદ અને રંગભેદમાં માનતા લોકોએ ખાસ જોવા જેવી ફિલ્મ.

કોઈ વ્યક્તિને તેના રંગ અને જાતિના કારણે ધિક્કારવાને કારણે કેવું વિષચક્ર પેદા થાય છે એ આ ફિલ્મમાં સારી રીતે દર્શાવ્યું છે. ફિલ્મ ટોની કાયે ડાયરેક્ટ કરી છે. ફિલ્મનું જમાપાસું તેની પટકથા અને નિર્દેશન છે. મોટાભાઈના રોલમાં એડવર્ડ નોર્ટને(ધ ઇટાલિયન જોબનો વિલન) સરસ અભિનય કર્યો છે. આ ફિલ્મ માટે તેને બેસ્ટ એક્ટર માટેના ઓસ્કરનું નોમિનેશન પણ મળેલું. ફિલ્મ ઇન્ટરનેટ પર મળી રહેશે.

**29. સેવિંગ પ્રાઇવેટ રાયન(Saving Private Ryan)(1998) :**




આ ફિલ્મ બીજા વિશ્વયુદ્ધ પર બનેલી એક યાદગાર વોર ફિલ્મ છે. વિશ્વની સર્વશ્રેષ્ઠ વોર ફિલ્મોમાં તેનો સમાવેશ થાય છે. સ્ટીવન સ્પીલબર્ગે તે નિર્દેશિત કરી હતી. ફિલ્મ 1998ના વર્ષની સૌથી સફળ ફિલ્મ હતી. ફિલ્મને અગિયાર ઓસ્કર નોમિનેશન મળેલા, જેમાંથી બેસ્ટ ડાયરેક્ટર સહિત પાંચ એવોર્ડ આ ફિલ્મ જીતી ગઈ હતી.

ફિલ્મની કથા છે નોર્મન્ડીના કિનારે ઉતરેલી મિત્ર સેનાના સંઘર્ષની. ફિલ્મમાં એક અમેરિકન ટુકડીને જેક રાયન નામના સૈનિકને કોઈ પણ ભોગે બચાવવાનું કહેવામાં આવે છે, જે જર્મનો સામે કોઈ અજાણ્યા યુદ્ધ મોરચે લડી રહ્યો છે. આ સૈનિક મહત્વનો છે, કારણ કે તેના ત્રણ ભાઈઓ યુદ્ધમાં મૃત્યુ પામ્યા હોય છે. તે પરિવારનો છેલ્લો બચેલો સૈનિક હોય છે. એ ટુકડી જર્મનો દ્વારા કબજે કરવામાં આવેલા વિસ્તારોમાં તે સૈનિકની તપાસ કરીને તેને કેવી રીતે બચાવે છે તે આ ફિલ્મમાં સરસ રીતે દર્શાવ્યું છે.

ફિલ્મની પહેલી સત્યાવીસ મિનિટની ગણતરી વિશ્વ સિનેમામાં ફિલ્માવવામાં આવેલા શ્રેષ્ઠ યુદ્ધ દ્રશ્યોમાં થાય છે. જેમાં પંદરસો એક્સ્ટ્રાઓએ ભાગ લીધો હતો. અમુક સાચી લશ્કરી ટુકડીઓનો પણ તેમાં સમાવેશ થતો હતો. અચૂક જોવા જેવી ફિલ્મ. ફિલ્મ ટી.વી. અને ઇન્ટરનેટ પર મળી રહેશે.

**28. સ્પિરિટેડ અવે(Spirited Away)(2001) :**

સ્પિરિટેડ અવે મૂળ એક જાપાનીઝ એનિમેશન ફિલ્મ છે, જે અંગ્રેજીમાં ડબ કરીને રજૂ કરવામાં આવી હતી. ફિલ્મ તે સમયે જાપાનમાં સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ હતી. ફિલ્મને તે

વર્ષનો બેસ્ટ એનિમેટેડ ફિલ્મનો ઓસ્કર એવોર્ડ




પણ મળેલો.

સ્પિરિટેડ અવે કથા છે એક દસ વર્ષની છોકરીની જે પોતાના માતા-પિતા સાથે એક અજાયબ દુનિયામાં ફસાઈ જાય છે. આ દુનિયામાં વિચિત્ર પ્રાણીઓ અને લોકો છે. આ કથા સાંભળીને કદાચ તમને "એલિસ ઈન વંડરલેંડ" યાદ આવી જશે. છોકરીને આ સફર દરમ્યાન મદદ કરનારાઓ અને દુશ્મનો મળતા રહે છે. આખી ફિલ્મમાં દરેક પાત્રો તમને એક સંદેશ આપે છે.

ફિલ્મના નિર્દેશક હાયકો મીરઝાકીની ગણતરી વિશ્વના શ્રેષ્ઠ એનિમેશન ફિલ્મો બનાવનારાઓમાં થાય છે. તેમણે આ ફિલ્મની પટકથા પણ લખી હતી. ફિલ્મની વાર્તાનો વિચાર તેમને એક વખત વેકેશન ગાળતી વખતે સાથે રહેલી બાળકીઓની વાતો પરથી આવ્યો હતો. ફિલ્મનું અંગ્રેજી ભાષામાં ડબિંગ ડિઝનીએ કર્યું છે. વિશ્વની સર્વશ્રેષ્ઠ એનિમેટેડ ફિલ્મોમાં આ ફિલ્મની ગણતરી થાય છે.

"હું આશા રાખું છું કે એક દિવસ તારામાં તને કષ્ટ આપતી વસ્તુઓ(લાગણીઓ/લોકો)થી દૂર જવાની હિંમત આવે." - સ્પિરિટેડ અવેનો સંવાદ.

## 27. લિઓન- ધ પ્રોફેશનલ(Leon-The Professional)(1994) :




આ એક ફ્રેન્ચ-અમેરિકન ફિલ્મ છે. જે લુક બેંસને ડાયરેક્ટ કરેલી છે. તમે જો બોબી દેઓલ અને રાની મુખર્જીની હિન્દી ફિલ્મ "બિચ્છુ" જોઈ હોય તો આ ફિલ્મની કથા તમને જણાવવાની જરૂર નથી. "બિચ્છુ" આ ફિલ્મની કોપી છે. કેટલાક દ્રશ્યો તો બેઠા ઉઠાવી લેવામાં આવ્યા છે.

ફિલ્મની કથા છે એક બાર વર્ષની છોકરીની જેના પરિવારને એક વગદાર ડ્રગ ડીલર મારી નાખે છે. છોકરીને એક પ્રોફેશનલ હત્યારો ટ્રેનિંગ આપીને તેનો બદલો લેવામાં મદદ કરે છે.

આ ફિલ્મના એક્શન દ્રશ્યો સરસ બન્યાં છે. ઓસ્કર વિનર એક્ટ્રેસ નેટલી પોર્ટમેનની આ પહેલી ફિલ્મ હતી. ફિલ્મમાં તેની અને ફિલ્મના હીરો જીન રેનો વચ્ચેની કેમેસ્ટ્રી સરસ છે. ફિલ્મમાં વિલનની ભૂમિકામાં ભજવતા ગેરી ઓલ્ડમેને પણ સરસ અભિનય કર્યો છે. "બિચ્છુ" જોઈ હોય તો પણ એકવાર જોવા જેવી ફિલ્મ. આ ફિલ્મ યુ ટ્યૂબ પર મળી રહેશે.

## 26. ધ યુઝઅલ સસ્પેક્ટસ(The Usual Suspects)(1995) :

"શૈતાનની સૌથી મોટી યુક્તિ એ છે કે તે તમને વિશ્વાસ દેવડાવી શકે છે કે તેનું અસ્તિત્વ નથી."




ફિલ્મનો ઉપરનો સંવાદ આ ફિલ્મનું હાર્દ છે. બોલીવુડની ઘણી ફિલ્મો આ હોલીવુડની ફિલ્મ પરથી બની છે. ઇમરાન હાશમીની "ચોકલેટ" તેમાંની એક છે. આ ફિલ્મ એક સસ્પેન્સ ક્રાઇમ થ્રિલર છે. એકથી વધારે વ્યક્તિઓ માંથી કોણે ગુન્હો કર્યો તે છેક છેલ્લા દ્રશ્ય સુધી ખબર નથી પડતી.

આ ફિલ્મ બ્રાયન સિંગરે નિર્દેશિત કરી છે. ફિલ્મની પટકથા એટલી જબરદસ્ત છે કે તેની ગણતરી વિશ્વની શ્રેષ્ઠ પટકથાઓમાં થાય છે. તે વર્ષનો શ્રેષ્ઠ પટકથાનો ઓસ્કર એવોર્ડ પણ આ ફિલ્મને મળેલો. આ ફિલ્મમાં ઘણા ધુરંધર અભિનેતાઓ છે પણ કેવિન સ્પેસી પોતાના અભિનયથી સૌનું હૃદય જીતી લે છે. આ ફિલ્મ માટે કેવિન સ્પેસીને બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો ઓસ્કર એવોર્ડ મળેલો. આ ફિલ્મ પણ યુ ટ્યૂબ પર મળી રહેશે.

## 25. લાઈફ ઇઝ બ્યુટીફૂલ(Life is beautiful)(1997) :




જીવનમાં આવતી મુશ્કેલીઓનો સામનો કેવી રીતે કરવો જોઈએ ? જીવન જયારે બધી બાજુથી તમને ભીંસમાં લે ત્યારે તમેં શું કરી શકો ? આ બધા જ પ્રશ્નોનો જવાબ એટલે આ

ફિલ્મ. ફિલ્મ અંગ્રેજી અને ઇટાલિયન ભાષામાં બની હતી. ફિલ્મના હીરો રોબર્ટ બેનીગીનીએ આ ફિલ્મ નિર્દેશિત અને પ્રોડ્યુસ પણ કરી છે. આ ફિલ્મમાં રોબર્ટ બેનીગીનીએ ઈટાલીના એક યહૂદી વેઇટરની ભૂમિકા ભજવી છે. જે બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન પોતાના પરિવાર સાથે કોન્સન્ટ્રેશન કેમ્પમાં પહોંચી જાય છે. વેઈટર પોતે બધાના જીવનમાં હાસ્ય લાવવામાં માને છે. તે પોતે જોકરવેડા કરીને બધાને હસાવે છે. તેની જોકર જેવી હરકતો કોન્સન્ટ્રેશન કેમ્પના ભયાનક વાતાવરણમાં પણ ચાલુ રહે છે. તે પોતાના પાંચ વર્ષના દીકરાને બચાવવા અને હસાવવા કોન્સન્ટ્રેશન કેમ્પમાં પણ હાસ્યાસ્પદ હરકતો કરતો રહે છે.

આ ફિલ્મ સપનાઓના કાટમાળ વચ્ચે પણ હસતાં હસતાં કેવી રીતે જીવવું એ શીખવાડે છે. ફિલ્મ પ્રેરણાદાયી છે. રોબર્ટ બેનીગીનીને આ ફિલ્મ માટે બેસ્ટ એક્ટરનો ઓસ્કર એવોર્ડ મળેલો. ફિલ્મને બેસ્ટ વિદેશી ફિલ્મનો ઓસ્કર એવોર્ડ પણ મળેલો. આ ફિલ્મ યુ ટ્યૂબ અને ઇન્ટરનેટ પર મળી રહેશે. જયારે રોબર્ટને બેસ્ટ એક્ટરનો ઓસ્કર એવોર્ડ મળ્યો ત્યારે તેણે આપેલી સ્પીચ પણ સાંભળવા લાયક છે. એ પણ યુ ટ્યુબ પર મળી રહેશે.

"એવું શું છે કે જેનું નામ લેવાથી તે ગાયબ થઇ જાય છે?...મૌન." - આ ફિલ્મનો એક સંવાદ.

## 24. ઈટસ અ વન્ડરફુલ લાઈફ (It's a Wonderful Life)(1946) :

કેટલીક ફિલ્મોની ઉંમર નથી હોતી. તમે ગમે તેટલીવાર જુઓ તે તમને નવી જ લાગે. આ ફિલ્મ પણ એવી જ છે. 1946માં જયારે આ ફિલ્મ રિલીઝ થઇ ત્યારે બોક્સ ઓફિસ પર સફળ નહોતી થઇ, પણ જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ લોકોને આ ફિલ્મ ગમવા લાગી. અમેરિકામાં આ ફિલ્મનો દરજ્જો ક્રિસમસના વેકેશનમાં ફરજીયાત કુટુંબ સાથે જોવાતી ફિલ્મનો છે. આજે પણ લોકો આ ફિલ્મને એટલા જ રસથી જુએ છે.

ફિલ્મ વિશ્વની શ્રેષ્ઠ ફિલ્મોના મોટાભાગના લિસ્ટમાં સમાવેશ પામે છે. ફિલ્મ ફ્રાન્ક કાપરાએ બનાવી હતી. ફિલ્મ ઓસ્કરમાં પાંચ કેટેગરીમાં નોમિનેટ થઈ હતી. ફિલ્મની કથા છે એક




આત્મહત્યા કરવા પહોંચેલા વ્યક્તિની, જેને બચાવવા માટે એક દેવદૂત તે આ પૃથ્વી પર

જન્મ્યો ન હોત તો તેના પ્રિય વ્યક્તિઓનું જીવન કેવું હોત તે દેખાડે છે. આ ફિલ્મ પરથી પણ ઘણી બોલીવુડ ફિલ્મો બની છે. આ ફિલ્મ પણ યુ ટ્યૂબ પર ફ્રી મળી રહેશે.

"દરેક વ્યક્તિનું જીવન બીજા ઘણા વ્યક્તિઓના જીવનને અસર કરે છે. તે જયારે નથી હોતી ત્યારે એક શૂન્યાવકાશનું સર્જન કરે છે."- આ ફિલ્મનો એક સંવાદ.

**23. ધ સાઇલન્સ ઓફ ધ લેમ્બસ.(The Silence of the Lambs)(1991) :**

ડર એક એવી લાગણી છે જેને દરેક વ્યક્તિએ પોતાના જીવનમાં અનુભવી હશે. ડર અને ગાંડપણ ઘણી વાર એકબીજાનાં પૂરક હોય છે. આ ફિલ્મ હોરર ફિલ્મ નથી, તેમ છતાં તમને ડરાવવા માટે સક્ષમ છે. આ ફિલ્મ પણ વિશ્વની સર્વશ્રેષ્ઠ ફિલ્મોના કોઈ પણ લિસ્ટમાં સમાવેશ પામી શકે તેમ છે.

આ ફિલ્મે બે જબરદસ્ત પાત્રો વિશ્વ સિનેમાને આપ્યાં - ક્લેરિસ સ્ટાર્લિંગ અને ડોક્ટર હેનીબાલ લેક્ટર. જોડી ફોસ્ટર અને




એન્થોની હોપકિન્સે આ પાત્રોને પોતાના અભિનયથી અમર બનાવી દીધા છે. ફિલ્મ એક સાયકોલોજીકલ ક્રાઇમ થ્રિલર છે. ફિલ્મ તેના પ્રેક્ષકોને હચમચાવી દેવા સક્ષમ છે. ફિલ્મ અપરાધીઓની નિર્મમ દુનિયામાં તમને લઈ જાય છે. ફિલ્મની કથા છે ક્લેરિસ સ્ટાર્લિંગની, જે એક એફ.બી.આઈ. ઓફિસર છે. તે એક સિરિયલ કિલર "બફેલો બિલ"ની શોધમાં છે. તેને મદદ બીજો એક સિરિયલ કિલર કરે છે, જેનું નામ ડોક્ટર હેનીબાલ લેકટર છે. ડોક્ટર પોતે માનવભક્ષી છે અને એફ.બી.આઈ.ની સૌથી સુરક્ષિત જેલમાં રાખવો પડે એટલો ખતરનાક વ્યક્તિ છે. ક્લેરિસ અને ડોક્ટર વચ્ચે ગજબની સમાનતા છે. બન્નેનું નાનપણ દુઃખોથી ભરેલું હતું. ડોક્ટર ક્લેરિસને મદદ

કરવા રાજી થાય છે અને શરૂ થાય છે એક ઉંદર બિલાડીની રમત.

ફિલ્મની સિનેમેટોગ્રાફી અદભુત છે. લાશના મોઢામાંથી કાઢવામાં આવતું પતંગિયું હોય કે ડોક્ટરની લિફ્ટમાંથી નીચે આવવાની રાહ જોતા એફ.બી.આઈ. અધિકારીઓ હોય, ફિલ્મના દ્રશ્યો અસરકારક રીતે ફિલ્માવાયા છે. આ ફિલ્મ, બેસ્ટ એક્ટર, બેસ્ટ ફિલ્મ, બેસ્ટ ડાયરેક્ટર, બેસ્ટ એક્ટ્રેસ અને બેસ્ટ એડેપ્ટેડ સ્ક્રીન પ્લે જેવા તમામ મુખ્ય ઓસ્કર જીતી ગયેલી. આજે પણ જયારે આ ફિલ્મનું નામ સંભળાય ત્યારે જોડી ફોસ્ટરની આંખો અને એન્થની હોપકિન્સનું પિશાચી સ્મિત નજર સામે તરી આવે છે. ફિલ્મના રસિયાઓએ ફરજીયાત જોવા જેવી ફિલ્મ. આ ફિલ્મ પણ યુ ટ્યૂબ પર મળી રહેશે.

## 22. સેવન(Se7en)(1995) :





એક જ શબ્દનું નામ ધરાવતી આ ફિલ્મ પણ એક સિરિયલ કિલરની કથા કહે છે. એક સિરિયલ કિલર જે બાઇબલમાં લખેલા સાત પાપો પરથી પ્રેરણા લઈને ખૂન કરે છે. બે પોલીસ ઓફિસર તેને પકડવા મથે છે. બ્રેડ પીટ અને મોર્ગન ફ્રીમેન પોલીસ અધિકારીઓની ભૂમિકામાં છે. એક પછી એક મૃતદેહો મળતા જાય છે અને રહસ્ય ઘેરું બનતું જાય છે. જો તમને મર્ડર મિસ્ટ્રી ગમતી હોય તો આ ફિલ્મ સર્વશ્રેષ્ઠ છે. ફિલ્મનો અંત અત્યંત આઘાતજનક છે. ફિલ્મનો અંત બદલવાની માંગણી પણ થઈ હતી.

ફિલ્મ ડેવિડ ફિન્ચરે ડાયરેક્ટ કરી છે. ફિલ્મમાં પોલીસ અધિકારી તરીકે મોર્ગન ફ્રિમેને સરસ અભિનય કર્યો છે. ફિલ્મમાં કેવિન સ્પેસીએ પણ એક યાદગાર રોલ કર્યો છે. ફિલ્મના મોટાભાગના દ્રશ્યોમાં વરસાદ પડતો દર્શાવવામાં આવ્યો છે. ફિલ્મમાં વરસાદનો ઉપયોગ નિરાશાજનક વાતાવરણ ઉભું કરવા માટે થયો છે. ફિલ્મ તમને ઇન્ટરનેટ પર અને ટી.વી. પર મળી રહેશે.

## 21. સીટી ઓફ ગોડ(City of God)(2002) :

આ ફિલ્મ પ્રમાણમાં ઓછી જાણીતી ફિલ્મ છે. આ ફિલ્મની કથા બ્રાઝિલના રીઓ-ડી-જોનેરોમાં "ફવાલા" તરીકે ઓળખાતી ઝુંપડપટ્ટીઓમાં આકાર લે છે. આ ધરાવી જેવા વિસ્તારમાં કામ કરતી વિવિધ અપરાધી ગેંગનો ઇતિહાસ એટલે આ ફિલ્મ. મૂળ

બ્રાઝિલની આ ફિલ્મની મૂળ ભાષા પોર્ટુગીઝ છે. આ ફિલ્મને પણ અંગ્રેજીમાં ડબ કરીને રિલીઝ કરવામાં આવી હતી. ફિલ્મમાં આશરે ત્રીસેક વર્ષના ગાળામાં અપરાધી ગેંગ્સનો ઇતિહાસ કહેવાયો છે.




ગરીબી અને મજબૂરીને કારણે કેવી રીતે યુવાનો અને છોકરાઓ આવી ગેંગમાં જોડાય છે. કેવી રીતે તેઓ ભ્રષ્ટ પોલીસવાળાઓ સાથે મળીને ગુનાહિત પ્રવૃતિઓના સામ્રાજ્યો ઉભા કરે છે. આ ફિલ્મને જોઈને તમને આપણી "ગેંગસ ઓફ વાસેપૂર" યાદ આવી જશે.

આ ફિલ્મ એક નવલકથા પરથી બની છે જેના લેખકે આવી ઝૂંપડપટ્ટીઓમાં પોતાનું જીવન વિતાવ્યું હતું. બ્રાઝીલે પોતાની એન્ટ્રી તરીકે આ ફિલ્મને ઓસ્કરમાં મોકલી હતી પણ તે છેલ્લા પાંચમા નહોતી પહોંચી શકી.

આ હતી ત્રીસ થી એકવીસ નંબરની ફિલ્મો. આવતા મહીને ફરી મળીશું. ત્યાં સુધીમાં આ બધી ફિલ્મો શોધીને જોઈ નાખો.

*

# લહેરખી



વિષ્ણુ. એસ. ભાલિયા




**બ્રિફિંગ**

શું મિત્રતા બે વ્યક્તિ વચ્ચે જ હોય શકે ? બે સજીવ વચ્ચે જ હોય શકે ? વાંચો પ્રસ્તુત વાર્તામાં ધૂધવતા દરિયામાં આકાર લેતી બે અજીબોગરીબ ભાઈબંધની, નિઃસ્વાર્થ વફાદારીની લાગણીસભર કથા.



© JOBLESS YUVA

દૂર ઘૂઘવતા મહાસાગરમાં સુરજ ઢળવાની તૈયારીમાં હતો. લાલ ચટાકેદાર રંગે રંગાયેલ સૂર્ય હમણાં સમુદ્રમાં ગળકાવ થઈ જાસે એવું લાગતું હતું. સમગ્ર આકાશમાં ફેલાયેલી લાલીમાને લીધે દરિયો રક્તવર્ણો લાગી રહ્યો હતો. મીઠા, ઠંડા પવનને લીધે દલપતનું વહાણ ઊછળતું કૂદતું આગળ વધી રહ્યું. રોજ કરતા આજે પવન થોડો ઓછો હોય તેમ લાગ્યું એટલે દલપતને ચિંતા ઓછી હતી. તે મોરા આગળ બેસી સૂર્યાસ્તના આ અલૌકિક દૃશ્યને માણી રહ્યો. આમતો, દલપત પોતાના વહાણનું સુકાન બીજા કોઈને ક્યારેય ન સોપે. ગમે તેવા ભયંકર, તોફાની વાતાવરણમાં પણ તે વહાણનું સુકાન બાહોશ લીડરની અદાથી સંભાળી લેતો. તેના વહાલા વહાણનું નામ 'સમુદ્રમંથન' એટલે ક્યારેક હળવા મજાકમાં તે લોકોને કેહતો: " આ સમુદ્રમંથન છે હો ભાઈ, સાગરને વલોવીને પણ માછલા લઈ આવે ....."

ગામ આખામાં દલપત એક સાહસિક અને તોફાનો સામે ટક્કર ઝીલનારા બહોશ ખારવા તરીખેની છાપ ધરાવતો. ગમે તેવા કપળા સંજોગોમાં પણ તે તેના વહાલા વહાણને કિનારે પોહચાડી દેતો. ખલાસીઓ પણ 'સમુદ્રમંથનમાં' ધંધો કરવા પડા પડી કરતા કારણ કે, દલપત પોતે વહાણમાં સુકાની તરીખે રેહતો. દિલનો ભોળો, શરીરમાં ઊંચો પણ હિંમત તેના બાપની. જ્યારે તોફાનના ડરથી બીજા વહાણો કિનારે પડ્યા હોય ત્યારે સમુદ્રમંથન ભરપૂર ફિસિંગ લઈને આવે, ત્યારે જોનારા ચકિત થઈ જાય અને ઈર્ષાળુ બળીને બેઠા થાઈ !!

દસ વર્ષ પહેલા દલપતે જ્યારે આ વહાણ લીધું ત્યારે ગામના બધા જ ઠેકડી કરતા: "દલપત આ હું ગાંડપણ કર્યું ? હાથે કરીને કુહાડી પગ ઉપર મારી !! મારા ભાઈ વહાણની હાલત તો જો. એક વીર* પણ નહિ હાલે આ. કોઈને પૂછતો હોય તો ભલા મા'ણા." બિચારો દલપત નીરાશ થઈ જતો. ધીમા કરમાયેલા અવાજે માંડ બોલી શક્તો.''હવે, મારા નસીબ ભાઈ... બીજુ હું ?"

કિનારે લાંગરેલી તે ભંગાર જેવા લાગતા વહાણના મોરા આગળ લખેલ 'સમુદ્રમંથન' નામ પર તેણે હળવેકથી હાથ ફેળવેલો અને મન મક્કમ કરી મનોમન સંકલ્પ કરી લીધો: "હવે દરિયાદેવ કરે ઈ હાસુ....''

પછી તો એક સામાન્ય ખલાસીમાંથી દલપત ક્યારે સારા સારા ટંડેલોની હરોળમાં આવી ગયો તેની ખબર જ ન પડી. સમયચક્ર ફરતું રહ્યું અને દરિયાદેવની મહેર થતી રહી. દલપતને ખુદને હવે દરિયો ખેડવાની કાંઈ જરુર ન હતી પણ પોતાના વહાણ પ્રત્યે જોડાયેલી તેની 'ભાઈબંધી'

તેને વહાણમાંથી ઊતરવા નોહતી દેતી. મધદરિયે હિલ્લોળા લેતું સમુદ્રમંથન પહાડી મોજા પર પછડાતું ત્યારે દલપતને લાગતું જાણે તેનો મિત્ર તેને હિચકો નાખતો ન હોય !! મનમાં સહેજે ડરનો અહેસાસ ન થાય કે, મારુ વહાણ પછડાટથી પાણીમાં માથું મારી જસે તો ? અથવા આ પહાડી મોજો વહાણમાં ચઢી જશે તો? પોતાના વહાણ પરનો દ્રઢ વિશ્વાસ તેને તોફાનો સામે ઝઝૂમવાની શક્તિ આપતું.

રાતના અંધારા ચારેકોરથી ઊતરી રહ્યા. જોત જોતામાં ચોમેર ઊછળતા મોજા અને કુવાસ્તંભ પર ફરકતી વાવટીના અવાજો સિવાય બધુ શાંત થઈ ગયું. વહાણની ગતિમાં પણ વધારે થયો. દલપતના માનસપટ પર ભજવાતા ભુતકાળના દ્રશ્યો હજી સમપ્ત થાય ત્યાંતો બોયું* આવી ગયું. ખલાસી બધા તૈયારીમાં લાગ્યા.

“ચાલો...હેરિયા* કાઢો.” સુકાન મરોડતા દલપતે ખલાસીને સુચના આપી. પાણીના પ્રવાહનો વેગ ખુબ જ તેજ ગતિથી વધી રહ્યો હતો. ખલાસીના મનમાં પણ થોડો ગભરાહટ સર્જાયો.”ઊતાવર કરો બધી, પાણી બહુ લાગેશ..” દલપતના અવાજમાં થોડો ગુસ્સો ભર્યો હોય તેમ લાગ્યું. તે ઉતાવળે પગલે સુકાન મૂકી આગળ આવ્યો. ખલાસી સાથે જાળને પાણીમાં નાખવા લાગી ગયો. બધા તેના ઈશારે કામ કરતા રહ્યા. જાળ સાથે બાંધેલા મજબુત દોરડા સડસડાટી કરતા પ્રવાહ સાથે તણાંતા હતા. એકાએક દલપતના મુખમાંથી ચીસ નીકળી ગઈ. એક જોરદાર આંચકા સાથે તે પાણીમાં પટકાયો. જાળ સાથે ખેંચાતા દોરડામાં તેનો પગ અટવાયો અને પાણીના પ્રવાહ સાથે પળવારમાં તે દૂર ફંગોળાય ગયો. અંધારી રાતના આછા ટમટમતા તારલાથી ઝબૂકતા આકાશ નીચે, દલપત પ્રચંડ મોજાઓ પર તરતો રહ્યો. ખલાસીના મુખમાંથી આહ નીકળી ગઈ. જોત જોતામાં દલપત ખૂબ દૂર તણાય ગયો. તેની એકાદ ચીસ સંભળાય ન સંભળાય ત્યાંતો તે અફાટ મહાસાગરમાં દેખાતો બંધ થઈ ગયો. વહાણમાં અફરાતફરી મચી ગઈ. દરેકનો જીવ તાળવે ચોટી ગયો. બીજા એક બાહોશ ખલાસીએ સુકાન સંભાળી લીધું. દલપતની દિશા તરફ ત્વરાથી વહાણ મારી મૂક્યું પરંતુ અફસોસ કે, ઘોળ અંધારી રાતમાં દલપતનું કાંઈ એંધાણ ન મળ્યું.

દલપત દરિયામાં ઊછળ્યો તે સાથે જ બને એટલી સ્ફુર્તીથી પગમાં વિટળાયેલું દોરડું કાઢી નાખ્યું. વેગવંતા પાણીના પ્રવાહ સાથે ત્યાં સુધીમાં તો તે ખૂબ દૂર નીકળી ગયો. પરિસ્થિતિની ગંભીરતા હજી મગજમાં ઊતરે ત્યાં તો વહાણની લાઈટો ઝાંખી થવા લાગી !

દલપતના દર્દીલા ચીસકારા ખારા પાણીમાં જ ગરકાવ થવા લાગ્યા. તેણે પહેરેલું સ્વેટર કાઢી હવામાં ઊછાળ્યું. ઠંડાગાર પાણીને લીધે શરીર ઠૂઠવાતું લાગ્યું. 'સમુદ્રમંથન' પરના ગભરાયેલા ખલાસી, અધ્ધર જીવે હાથબત્તીથી ચારેકોર પ્રકાશના સેરડા પાડતા રહ્યા. ઊછળતા મોજા પર તણખલા જેમ વલખાં મારતો દલપત કોઈની નજરમાં ન ચઢ્યો. દરેકના જીવ તાળવે ચોટ્યા, પળભરમાં સન્નાટો છવાય ગયો. ખૂબ જ શોધખોળ પછી દલપતની ભાળ મળી પણ અફસોસ....!!!! તેના શરીરમાં ચેતનાનો સંચાર નોહતો થતો, તેનું ખડતલ શરીર હવે લાશ બની ચૂક્યું હતું. સૌના હૈયા વલોવાય ગયા. દલપતના મૃત શરીરને તેન પ્રાણપ્યારા વહાણના સથા* ઉપર સુવાડમાં આવ્યું. ખલાસીના હૈયાફાટ રુદન સાથે 'સમુદ્રમંથને' બંદરની વાટ પકડી.

વાયરલેશથી બંદરમાં જાણ કરવામાં આવી. કિનારે અસંખ્ય ખારવાઓના ટોળે ટોળા ઊમટી પડ્યા હતા. પોતાના વહાણને પોતાનો 'ભાઈબંધ' કેહનાર દલપતના મૃત શરીરને લઈને તેનું વહાલું વહાણ આજે કિનારે આવ્યુ હતું. ઊછાળા મારતો દરિયો પણ ધ્રુજી જાય તેમ પરીવાર જનો આક્રંદ કરી રહ્યા. વહાણનો મોરો* આજે પાણીમાં વધુ ડૂબી જતો હોય તેમ લાગ્યું. ભાઈબંધના મૃત્યુ માટે ખુદ જવાબદાર હોય તેમ વિકરાળ મોજા પર વહાણ આપમેળે પછડાટ લઈ જાણે હૈયાવરાળ ઠાલવતું હતું.

" પહેલા જ કીધુતું દલપતને, આ વા'ણ તને નહિ હદે. પણ માન્યો જ નહિ..." દલપતના એક સબંધીએ વેદના ઠાલવી. " મારી નજર હામે સળગાવી દીયો એને...મારા ધણીને ભરખી ગયું ગોઝારૂ.." આક્રંદ કરતી દલપતની પત્ની ચિત્કાર કરી રહી. આંખો સામે અન્ધારા ઊભરાયા હોય તેમ તે અર્ધબેભાન અવસ્થામાં ઢળી પડી. પંદર વર્ષનો વિમલ માતાના આંચલમાં આંસુ સારી રહ્યો. સમુદ્રમંથનના સથા પર નિષ્ક્રિય પડેલા પિતાના મૃત શરીરને જોતા તેના પગ ધુજી ગયા.

મહિનાઓ સુધી વહાણ કિનારે પડતર હાલતમાં પડી રહ્યું. વહેમી લોકો વહાણમાં ચઢવા પણ તૈયાર થતા નહિ. દલપતના મોત પછી બધાના મનમાં વહેમ ઘર કરી ગયો કે, 'આ વહાણે જ દલપતનો ભોગ લીધો, હવે તેમા કોણ ધંધો કરે ?' સમયની સાથે અવાવરું બનેલું સમુદ્રમંથન બધાને ભયાનક અને ડરામણું લાગવા માંડ્યું. દિવસો પસાર થતા રહ્યા, વહાણનો ભુતકાળ લોકોમાં ડર ફેલાવતો રહ્યો, સમયચક્ર ફરતું રહ્યું અને લગભગ બે વર્ષમાં તે વહાણ ભેંકાર અને ભંગાર બની ગયું. તેની આસપાસ હવે કોઈ બાળક સુધ્ધા ફરકતું નહિ.

કોઈ કોઈ તો વળી ત્યાં સુધીની અફવા ચલાવી કે, ‘રાતે વહાણમાં દલપતના ડરામણા અને ભયાનક અવાજો આવે છે...!!’ દલપતની પત્ની તો વહાણને જોવા સુધ્ધા રાજી ન હતી. વિમલ પણ વહાણને ‘ગોઝારૂ’ ગણતો !!

ગામમાં તો વહાણને કોઈ ખરીદે તેની સંભાવના નહિવત હતી. સગા-સબંધીના ઘણા પ્રયાસો પછી બાજુના બંદરના કોઈ અજાણ્યા શખ્સે વહાણને સસ્તા ભાવે ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી. લોકોએ પણ રાહતનો શ્વાસ લીધો: “ હાસ, સારું થયું ઈ ગોઝારું વા’ણ આપણા ગામમાંથી તો ગયું !!”

વિમલ હવે યુવાન થયો હતો. ખારવાનો દીકરો એટલે દરીયા સાથે તો લગાવ હોય જ. જોકે, પૈસે ટકે તો પરિસ્થિતિ સારી હતી પણ તેની માએ વહાણમાં ચઢવાના આગ્રહ કરતા મક્કમતા દાખવી: “ બેટા, તારા બાપને તો ઈ વા’ણ અને દરીયો ભરખી ગયું.... પન મારે હજી જોવું છે કે ઈ દરિયોપીર મારી અને મારા દીકરાની કીવી કસોટી કરે છે !” ગળામાં અટવાતા શબ્દો માંડ નીકળ્યા અને તેમનાથી ઊંડો નિસાસો નખાય ગયો. ભુતકાળનો તે ઘાવ હજી તાજો જ હોય તેમ નસો નસમાં લોહી ઊકળી ઉઠયું. તેણે દ્રઢતાથી ઉત્તર આપ્યો: “મા, હું આ વરસે જ વા’ણમાં ચઢી જાઈશ” થોડીવાર અટકી તેણે ખુમારીથી ઉમેર્યું: “ મારા બાપની સમાધી પર ફૂલ ચઢાવવા, મારે દરીયામાં તો જાવું જ પડશે”

“ મારા દીકરા. મા સિકોતર તારા રખોપા કરશે. આપણે તો ખારા પાણીના મા’ણા, દરિયા વગર તો હાલે જ નહીં !!” વિમલ ખલાસી તરીખે વહાણમાં ચઢ્યો ત્યારે ઘણાએ ટીકા કરી: “ શું જરુર છે દીકરાને વા’ણમાં મોકલવાની ? દલપત તો હાલ્યો ગ્યો બીચારો. આ એકનો એક દીકરો પન વા’લો નથી લાગતો બાઈને !”

વિમલ પણ બાપ જેવો જ હિંમતવાન અને સાહસી. દરીયાદેવ પણ જીદે ચઢ્યા હોય તેમ, એક દિવસ ઓચિતું વિમલના વહાણમાં પાણી ભરાતું હોય તેમ લાગ્યું. સવારના સોનેરી કિરણો હજી માંડ આકાશમાંથી ફૂટયા હતા ત્યાં અણધારી આ ઘટના આકાર લઈ રહી. વહાણમાં ઊભરાતું પાણી સતત વધતું રહ્યું. કદાવર મોજાની પછડાટથી વહાણની નીચેનું એક પાટિયું તૂટી ગયુ હતું. આસપાસ કોઈ મદદ માટે કોઈ અન્ય વહાણ પણ ન દેખાયું. ખલાસી બધા પાણીને રોકવાના વ્યર્થ પ્રયાસમાં લાગ્યા હતા પરંતુ પાણીને રોકવું હવે અશક્ય જેવુ લાગ્યું. વાયરલેશ પર સુકાનીએ સન્દેશો વેહતો કર્યો. તરત કોઈ વહાણ મદદ માટે આવી પહોંચે તેવા સંકેત તો હતા જ નહીં. હવે શું કરવું ? જોતજોતામાં અડધું વહાણ પાણીથી ભરાઈ ગયું.

જીવ બચાવવા હવે ક્યાં જવું ? સર્વત્ર ઘુઘવતો મહાસાગર વિકરાળ મુખ ફાડી બેઠો હોય તેમ લાગી રહ્યો. દરીયાના પાણી ઊંડાણમાં કંઈક કાવતરૂં ઘડતા હોય તેમ ગહેરી શાંતિમાં ડૂબી ગયા. ગભરાયેલા ખલાસી મનોમન ભગવાને પ્રાર્થના કરવા લાગ્યા. બધાના જીવ તાળવે ચોટી ગયા ! જે હાથમાં આવ્યું તેનો સહારો લઈ બધા જ કુદરત ભરોસે પાણીમાં કૂદી પડ્યા. એકબીજાનો હાથ પકડી, પોતાના ડૂબતા વહાણને અનિમેષ નજરે તાક્તા રહ્યા. છુટોછવાયો સામન જ્યાં ત્યાં તરતો રહ્યો. એકબીજાને હિંમત અપતા તેઓ તરતા રહ્યા. કલાક....બે કલાક...સાત કલાક.... અને હિંમત અને ધીરજ ખુટતી ગઈ. વિમલ પણ અફાટ મહાસાગરમાં એકલો અટુલો ડૂબકા લેતો રહ્યો. સુર્યાસ્ત સાથે કેટલીય જીંદગી અસ્ત પામી ! મોજાની સાથે ખારું પાણી પી જતો વિમલ હવે અંદરથી હવે તુટી રહ્યો. પળભર તેને પોતાના પિતાની સ્થિતિ વિષે કલ્પના કરતા આંખો બંધ કરી. રાતના અંધારા ઢગલે ઢગલા ઠલવાય રહ્યા.

દૂર કોઈ વહાણની આછી લાઈટોનો આભાસ વિમલને થયો. પગમાં એકાએક હિંમત આવી ગઈ ! તેણે હિંમતપુર્વક રાડો પાડવી શરૂ કરી. મજબૂત લાકડાના સહારે તે તરતો રહ્યો એટલીવારમાં તે વહાણ નજીક આવી ગયું.

“ અરે, જો દેખાય. તાં કોઈ છે !” પેલા વહાણના ખલાસીએ બૂમો પાડી.

વિમલનું હૈયુ અસ્તવ્યસત ધડકારાથી ધબકતું રહ્યુ. બીજા બે ચાર ખલાસીએ ડૂબકી મારી વિમલને વહાણમાં ચઢાવી લીધો. અત્યાર સુધી સાચવી રાખેલી ધીરજ એકાએક ખુટી પડી અને તે બેભાન જેવો બની ગયો. આસપાસ ખૂબ શોધખોળ પછી વહાણ બંદર તરફ રવાના થયું.

કિનારે ઊમટેલા કેટલાક લોકોના ચહેરા પર આછી ખુશીની લહેરખી ઉપસી આવેલી, જ્યારે મોટા ભાગના લોકોના

ચહેરા દયામણા અને કરમાયેલા લાગ્યા કારણ કે, અન્ય ખલાસી હજી પણ લાપતા હતા.

“મારા દીકરા...!!” માતાની છાતી ભરાઈ આવી. વહાણમાંથી ઊતરતા વિમલને તેમણે છાતી સરસો ચાંપી દીધો. વારે વારે ધડકારા ચૂકી જતું તેમનું હૈયુ હવે ટાઢું હિમ થયું. દીકરો દરિયાને માત કરી હેમખેમ પાછો અવ્યો હતો તેથી માનું હ્રદય ગર્વથી ફૂલી રહ્યુ. તેમણે ખુમારી અને ગર્વિલ અદાથી એક નજર દરિયા તરફ કરી, ઊછળા મારતો દરિયો આજે શાંત લાગ્યો. તેમની ફરતી નજર ત્યાં અચાનક સ્થિર થઈ ગઈ !!! વિમલનો જીવ બચાવી એને હેમખેમ કિનારે લાવનાર વહાણ પર તેમની નજર ચોટી ગઈ.

મોરામાં ઝાંખા પડી ગયેલા અક્ષરો વંચાયા “સમુદ્રમંથન” અને તેમના હ્રદયમાં એકાએક ઊભરો આવ્યો. તેમની આંખો આશ્ચર્યથી ફાટી રહિ ગઈ. તે વહાણ ઓરખી ગઈ, એ જ વહાણ, તેના પતિનો ‘ભાઈબંધ’. તેની આંખો હર્ષથી ઊભરાઈ આવી. જાણે વિમલનો બાપ જ તેના પુત્રને બચાવીને લાવ્યો હોય તેવી લાગણીથી આંખો છલકી ઊઠી. મા-દીકરાએ ફરી એકવાર સમુદ્રમંથન તરફ નજર કરી ત્યારે વહાણનો મોરો સહેજ ઊંચો થઈ ગયો અને મા-દીકરાએ ઘરની વાટ પકડી જ્યારે વહાણે પોતાના બંદરની.

**કેટલાક દરિયાઈ શબ્દોની સમજ:**


**સથો- વહાણની ઉપરનો સપાટીનો ભાગ**

**મોરો- વહાણનો આગળનો મુખ્યભાગ**

**વીર- વહાણ માછલા લઈને આવે તે સમય,**
**ફિશિંગહેરિયા- જાડા અને મજબુત દોરડા**

અંક: ૦૩, પ્રથમ હપ્તો. માર્ચ, ૨૦૧૮

# ટ્રેઝર હન્ટ



વેલકમ

'ટીમ ખજાનો' દ્વારા 'ટ્રેઝર હન્ટ'ના નામે એક આવકારદાયક પગલું ભરવામાં આવ્યું છે, જેનો ઉદ્દેશ્ય નવાં, ઉગતાં લેખકોને એક મંચ પૂરો પાડવાનો છે. આ વખતે વાંચો નવોદિત કવયિત્રી વૃત્તિકાની કવિતા 'તારામાં'.

# તારામાં

નદી ભળે સાગરમાં, એમ સમાઇ જવું તારામાં,
શોધતાં પણ ના મળું, એમ ખોવાઈ જવું તારામાં !

રાતરાણીની જેમ મધરાતે, ખીલવું મને તારામાં,
પ્રસરતી રહે ફોરમ, એમ કદી ના કરમાવું તારામાં !

અંધારું મટે જેમ દીવાથી, એમ પ્રકાશવું મને તારામાં,
જીવનની તડકી-છાંયડીમાં, સહભાગી બનવું તારામાં !

પૂનમના ચાંદની જેમ, શીતળતા ફેલાવું હું તારામાં,
હું મટીને તું બની જાઉં, એમ વિલીન થવું તારામાં !

ભટકતાને મંઝીલ મળે, એમ સઘળું પામવું તારામાં,
પામીને મારા સ્વપ્નનું સ્વર્ગ, હું સિધાવું પણ તારામાં !

- વૃત્તિકા

# આવતા અંકની ખાસિયતો:

આકર્ષક મુખપૃષ્ઠ અને લે-આઉટ્સ સાથે

રસાળ કલમોની સોબત.

બીજે હપ્તે પ્રદર્શિત થનારી કોલમો:

તંત્રીની કલમે-પરમ. બી. દેસાઈ

ટેક્નો નોલેજ-ઉદય. પી. ભાનુશાલી

એક અજાણ્યું પ્રકરણ-પ્રતીક. ડી. ગોસ્વામી

ફેશનફંડા-કુંજલ. પી. છાયા

પોઝીટીવીટી-ભાવિક. એચ. ચૌહાણ

'તમે શું સમજ્યા?'-પરમ દેસાઈ

ટ્રેઝર હન્ટ અંતર્ગત વાર્તા 'મા'

મગજમારી-તર્કને તેજ કરતા કોયડાઓ

જરા હસી લે, ભાઈ!-રમૂજી ટુચકાઓ

ખજાનો મેગેઝીનનો આ અંક
આપને કેવો લાગ્યો ? અમો આપના
પ્રતિભાવો જાણવા આતુર છીએ !
માર્ચના પ્રથમ અંક બાબતે આપના રિવ્યુઝ
લખી મોકલો અમને
khajano.gujaratimagazine@gmail.com પર.
બેસ્ટ પ્રતિભાવોને અમે મેગેઝીનમાં
જે-તે વાચકના નામ સાથે મૂકીશું.
અને હા, આ અંક તમને ગમ્યો હોય, તો
દોસ્તો સાથે શેર કરવાનું ન ભૂલતા હોં !
ચાલો ત્યારે, સોળ તારીખે ફરી મળીશું. !!

'ટીમ ખજાનો'

આ મેગેઝીનના કોઈ પણ ભાગની
અનધિકૃત નકલ કરનાર વિરુદ્ધ
કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

'ટીમ ખજાનો'

© JOBLESS YUVA

સંપર્ક:
મોબાઈલ: 7487963610
8469141479
khajano.gujaratimagazine@gmail.com